SAMPEL COPY

## STANDARD - 11

# CHEMISTRY

CHAPTER - 01 : SOME BASIC CONCEPT OF CHEMISTRY

CHAPTER - 02 : STRUCTURE OF ATOM

CHAPTER - 03 : CLASSIFICATION OF ELEMENTS AND PERIODICITY IN PROPERTIES

CHAPTER - 04 : CHEMICAL BONDING




For the Preparation of Medical & Engineering Entrance Exams like **NEET-AIIMS-JEE**

**GYANMANJARI CAREER ACADEMY**

**As per NCERT Syllabus**

**STANDARD - 11**

**PART - I**

# CHEMISTRY

**FOR GUJ. BOARD, NEET, JEE**

**: Developed By :**

**GYANMANJARI CAREER ACADEMY**

B - 6300, KALIYABID, BHAVNAGAR - 364002
CONTACT : +91-70690 20211

# SAMPLE COPY

**COPY RIGHTS :**

© **All rights reserved. No part of this publication may be reproduced, stored in a retrievel system of transmitted in any from or by any means, electronic, mechanical, photocopying, recorsing or otherwise without the prior written permission of the publishers.**

કોપીરાઈટ કાયદાની કલમ ૬૩ હેઠળ પુસ્તકો કોપી રાઈટેડ છે. અમારા પુસ્તકની ઝેરોક્ષ કરવી કે કરાવવી એ બંને ગંભીર ગુનો છે. આ પુસ્તકનાં લખાણ, શૈલી, ગોઠવણી તથા રજુઆતનો બીજા કોઈ પણ પુસ્તક, મેગેઝિન, ગાઈડ માટે કે બીજી કોઈ પણ રીતે ઉપયોગ કરતાં પહેલાં પ્રકાશક તથા લેખકોની લેખિત મંજૂરી મેળવવી ખાસ જરૂરી છે.

Gyanmanjari Career Academy - Sample Copy

# -: INDEX :-

## Chapter - 01 - રસાયણવિજ્ઞાનની પાયાની સંકલ્પનાઓ


✎ Theory ... 007
✎ Ncert Exercise With Solutions ... 024
✎ Board - MCQ ... 036
✎ Neet - MCQ ... 041
✎ Jee - MCQ ... 045
✎ Aiims - MCQ ... 050
✎ Ncert Exampler ... 052
✎ Slp-MCQ ... 054


## Chapter - 02 - પરમાણુનું બંધારણ


✎ Theory ... 075
✎ Ncert Exercise With Solutions ... 116
✎ Extra Numericals ... 129
✎ Board - MCQ ... 136
✎ Neet - MCQ ... 140
✎ Jee - MCQ ... 143
✎ Aiims - MCQ ... 151
✎ Ncert Exampler ... 154
✎ Slp-MCQ ... 156


## Chapter - 03 - તત્ત્વોનું વર્ગીકરણ અને ગુણધર્મોમાં આવર્તિતા


✎ Theory ... 171
✎ Ncert Exercise With Solutions ... 193
✎ Board - MCQ ... 196
✎ Neet - MCQ ... 197
✎ Jee - MCQ ... 199
✎ Aiims - MCQ ... 202
✎ Ncert Exampler ... 203
✎ Slp-MCQ ... 206
✎ Exercise-1 ... 210
✎ Exercise-2 ... 213


Gyanmanjari Career Academy - Sample Copy

# CHAPTER - 04 - રાસાયણિક બંધન અને આણ્વીય રચના


✎ THEORY ... 221

✎ NCERT EXERCISE WITH SOLUTIONS ... 258

✎ BOARD - MCQ ... 262

✎ NEET - MCQ ... 263

✎ JEE - MCQ ... 269

✎ AIIMS - MCQ ... 274

✎ NCERT EXAMPLER ... 279

✎ EXERCISE - MCQ ... 281


Gyanmanjari Career Academy - Sample Copy

# CHAPTER - 01

# રસાયણવિજ્ઞાનની પાયાની સંકલ્પનાઓ

Gyanmanjari Career Academy Sample Copy

Gyanmanjari Career Academy - Sample Copy

# CHAPTER - 01 રસાયણવિજ્ઞાનની પાયાની સંકલ્પનાઓ

**JEE/NEET**

→ કેન્સરની સારવારમાં વપરાતા જીવનરક્ષક ઔષધો સીસ-પ્લેટીન અને ટેકસોલ.
→ AIDS (એઈડ્સ)ના રોગમાં મદદરૂપ થવા માટે એઝિડોથાયમિડીન) (AZT)
→ રેફ્રીજરેટર અને એરકન્ડીશનરમાં વપરાતા જોખમી પદાર્થો-CFCs (ક્લોરોફ્લોરો કાર્બન્સ) જે ઓઝોનના આવરણને નુકશાન કરે છે.
→ હાલમાં CFCs (ફ્રીયોન) જે ઓઝોનને નુક્સાન કરતાં છે તેના બદલે રેફ્રીજરેટરમાં હાલમાં 1, 1, 1, 2 ટેટ્રાફ્લોરો ઈથેન વપરાય છે.

## દ્રવ્યનો સ્વભાવ

→ **કોઈપણ પદાર્થ કે જે દળ અને અવકાશ ધરાવે છે તેને દ્રવ્ય કહે છે. ઉદાહરણ પેન, બુક, બેન્ચ, પાણી, વગેરે ....**

**ભૌતીક વર્ગીકરણ**

**ઘન**
- કદ, આકાર અને સપાટી નીશ્ચીત અણુ પરમાણુની ગોઠવણી

**પ્રવાહી**
- કદ અને સપાટી નીશ્ચીત પરંતુ આકાર અનીશ્ચીત
- અણુ/પરમાણુની ગોઠવણી ઓછી ગીચ

**વાયુ**
- કદ, આકાર અને સપાટી તમામ અનીશ્ચીત
- અણુ/પરમાણુની ગોઠવણી સૌથી ઓછી ગીચ




**રાસાયણીક વર્ગીકરણ**

– જુદા જુદા પદાર્થોના રાસાયણીક ગુણધર્મોને આધારે તેનું રાસાયણીક વર્ગીકરણ કરવામાં આવે છે, જે નીચે મુજબ છે :

**રાસાયણીક વર્ગીકરણ**

**મીશ્રણ**

**સમાંગ મીશ્રણ**
- તમામ ઘટકો સમાન રીતે મીશ્ર થાય.
- મીશ્રણના ઘટકોને ચોક્કસ હદરેખાથી અલગ ન કરી શકાય.
- તેઓની સંરચના બધે સમાન હોય છે.

**વીષમાંગ મીશ્રણ**
- તમામ ઘટકો સમાન રીતે મીશ્ર ન થાય.
- મીશ્રણના ઘટકો ચોક્કસ હદરેખાથી અલગ કરી શકાય.
- તેઓની સંરચના બધે સમાન હોતી નથી.

**શુદ્ધ પદાર્થો**

**તત્ત્વો**

એક જ પ્રકારના ઘટકકણો ધરાવે.

**ધાતુ**
- ઘન, પ્રવાહી સ્વરૂપ
- મોટેભાગે સખત
- વીદ્યુત અને ઉષ્માના વાહક
- ચળકાટ, રણકાર ધરાવે.

**અધાતુ**
- વીદ્યુત અને ઉષ્માના મંદવાહક
- ચળકાટ, રણકાર ન ધરાવે.
- મોટેભાગે વાયુ તેમજ ઘન સ્વરૂપ

**અર્ધધાતુ**
- અમુક માત્રામાં ધાતુ અને અધાતુ એમ બંનેના ગુણ ધરાવે.

**સંયોજનો**

જુદા જુદા તત્ત્વોના એકથી વધુ પ્રકારના પરમાણુનો સમુહ.

**કાર્બનીક**
- મોટે ભાગે સજીવ પ્રણાલીઓમાંથી મળે.
- મૂળભૂત પ્રાપ્તીસ્થાન : હાઈડ્રોકાર્બન

**અકાર્બનીક**
- મોટેભાગે નીર્જીવ પ્રણાલીમાંથી મળે.
- ધાતુ અને અધાતુના બનેલા સંયોજનો.

Gyanmanjari Career Academy - Sample Copy

## ❍ દ્રવ્યનું વર્ગીકરણ :

→ બે વર્ગમાં વર્ગીકૃત કરવામાં આવે છે :
(1) ભૌતિક અવસ્થાનાં આધારે
(2) રાસાયણિક અવસ્થાનાં આધારે

### ■ ભૌતિક અવસ્થા :

(1) ઘન (2) પ્રવાહી (3) વાયુ

### ■ ઘન :

→ ચોક્કસ આકાર
→ ચોક્કસ કદ
→ અણુ/પરમાણુ વચ્ચે આંતર આણ્વીય આકર્ષણ વધુ
→ અણુ/પરમાણુ - કણો એકબીજાની નજીક, વ્યવસ્થિત ગોઠવણી
→ મૂક્ત હલનચલન નહિ.
→ ઉદા. તરીકે પેન, લાકડુ, બૂક

### ■ પ્રવાહી :

→ ચોક્કસ કદ
→ ચોક્કસ આકાર નહી (જે પાત્રમાં ભરો તે મુજબ)
→ અણુ / પરમાણુ - કણો વચ્ચે આંતર આણ્વીય આકર્ષણ ઘન કરતા ઓછુ વાયુ કરતા વધુ.
→ ઉદા. તરીકે પાણી, બ્રોમીન

### ■ વાયુ :

→ ચોક્કસ આકાર નહી (જે પાત્રમાં ભરો તે મુજબ)
→ ચોક્કસ કદ નહી
→ અણુ / પરમાણુ - કણો વચ્ચે આંતર આણ્વીય આકર્ષણ ઘન-પ્રવાહીની સાપેક્ષમાં ખુબ ઓછુ
→ કણો-કણો વચ્ચે અંતર વધુ
→ કણોના મુક્ત હલનચલન માટે પૂરતો અવકાશ ધરાવે છે.
→ એકબીજામાં સરળતાથી મિશ્ર થાય

ઘન $\underset{\text{ઠંડુ પાડતાં}}{\overset{\text{ગરમ કરતાં}}{\rightleftharpoons}}$ પ્રવાહી $\underset{\text{ઠંડુ પાડતાં}}{\overset{\text{ગરમ કરતાં}}{\rightleftharpoons}}$ વાયુ




ઘન ← વાયુ (ઘનીભવન), વાયુ ← ઘન (ઉર્ધ્વપાતન)
ઘન → પ્રવાહી (ગલન), પ્રવાહી → ઘન (ઠારણ)
પ્રવાહી → વાયુ (ઉત્કલન), વાય → પ્રવાહી (પ્રવાહીકરણ)

## ❍ રાસાયણીક અવસ્થાના આધારે :

### ■ શુધ્ધ પદાર્થ :

→ સંઘટન(બંધારણ) નિશ્ચિત
→ સાદી ભૌતિક પધ્ધતિ (વિટાણ, ગાળણ, સ્ફટીકીકરણ) થી અલગ કરી શકતા નથી (રાસાયણીક પધ્ધતિથી કરી શકાય)
→ તેઓના અણુ અને પરમાણુ નિશ્ચિત રચનામાં હોય છે. દા.ત. કોપર, ગોલ્ડ, પાણી, ગ્લુકોઝ
→ તેઓને ફરી બીજા બે વિભાગમાં વહેચી શકાય છે.
(1) તત્વ (2) સંયોજન

### (1) તત્વ :

→ એક જ પ્રકારના પરમાણુ (કણો)થી બને (લેવોઈઝરના મત મુજબ)
→ કાર્બન, ઓક્સિજન, નાઈટ્રોજન, હાઈડ્રોજન, ગોલ્ડ વગેરે...
→ પરમાણુ - Na, Ag, Cu તરીકે
→ અણુ - $N_2$, $H_2$, $O_2$
→ દરેક તત્વને પોતાના ગુણધર્મો સ્વતંત્ર હોય છે.
→ જુદા જુદા તત્વોના પરમાણુ / અણુ અલગ-અલગ હોય છે.




### (2) સંયોજન :

→ બે કે તેથી વધારે અલગ-અલગ પરમાણુ જોડાવાથી સંયોજન બને છે.
→ $H_2O$, $NH_3$, $C_6H_{12}O_6$, $CO_2$
→ સંયોજનમાં રહેલા તત્વો પોતાનો મુળભુત ગુણધર્મ ગુમાવી નવો જ ગુણધર્મ પ્રાપ્ત કરે છે.
→ $H_2$ (હાઈડ્રોજન) વિસ્ફોટક
→ $O_2$ (ઓક્સીજન) - દહન પોષક
→ $H_2O$ (પાણી) - અગ્નિશામક




| ભૌતિક ગુણધર્મો | રાસાયણિક ગુણધર્મો |
|---|---|
| → પદાર્થનું સંઘટન બદલ્યા વગર કે ઓળખ બદલ્યા વગર માપી શકાય<br>→ પદાર્થનો રંગ, વાસ, ગલનબિંદુ, ઉત્કલન બિંદુ, ઘનતા | → પદાર્થનું સંઘટન બદલીને (રાસાયણિક ફેરફાર કરીને) માપી શકાય<br>→ પદાર્થની એસીડીકતા, બેઈઝીકતા, દહનશીલતા |

Gyanmanjari Career Academy - Sample Copy

| સમાંગ મિશ્રણ | વિષમાંગ મિશ્રણ |
|---|---|
| (1) સમાંગ મિશ્રણ ઘટકો એક-બીજા સાથે સંપુર્ણ રીતે મિશ્ર થાય છે.<br>(2) તેમની સંરચના (સંઘટન) બધે જ એકસમાન હોય છે.<br>(3) તેઓ એકરૂપ મિશ્રણ બનાવે છે. તેથી તેમને નિશ્ચિત હદરેખાથી અલગ કરી શકાતા નથી.<br>(4) સુક્ષ્મદર્શક યંત્ર વડે તેઓને અલગ અલગ જોઈ શકાતા નથી.<br>(5) દા.ત., ખાંડ અને પાણીનું મિશ્રણ, ઓક્સિજનનું નાઈટ્રોજનમાં મિશ્રણ (હવા), ઝિંકનું કોપરમાં મિશ્રણ (પિત્તળ) વગેરે. | (1) વિષમાંગ મિશ્રણમાં ઘટકો એકબીજા સાથે સંપુર્ણ રીતે મિશ્ર થતા નથી.<br>(2) તેમની સંરચના (સંઘટન) બધે જ એકસમાન હોતી નથી.<br>(3) તેઓ એકરૂપ મિશ્રણ બનાવતા નથી. તેથી તેમને એક નિશ્ચિત હદરેખાથી અલગ કરી શકાય છે.<br>(4) સુક્ષ્મદર્શક યંત્ર વડે તેઓને અલગ અલગ જોઈ શકાય છે.<br>(5) દા.ત., NaCl અને Fe નું મિશ્રણ, NaCl અને ખાંડનું મિશ્રણ વગેરે. |

**❍ એકમ પધ્ધતિ (દ્રવ્યનું માપન) :**

→ (1) અંગ્રેજી પધ્ધતિ (2) મેટ્રીક પધ્ધતિ (3) ઈન્ટરનેશન પધ્ધતિ (SI)

→ SI એકમ ના મુળભુત સાત એકમો છે.

**કોષ્ટક 1.1 પાયાની ભૌતિક રાશિઓ અને તેમના એકમો**

| પાયાની ભૌતિક રાશિ | રાશિની સંજ્ઞા | SI એકમની સંજ્ઞા | SI એકમનું નામ |
|---|---|---|---|
| લંબાઈ | $l$ | m | મીટર |
| દળ | m | kg | કિલોગ્રામ |
| સમય | t | s | સેકન્ડ |
| વિદ્યુતપ્રવાહ | I | A | એમ્પિયર |
| ઉષ્માગતિકીય તાપમાન | T | K | કેલ્વિન |
| પદાર્થનો જથ્થો | n | mol | મોલ |
| પ્રદીપ્ત તીવ્રતા | $I_V$ | cd | કેન્ડેલા |

**કોષ્ટક 1.3 SI એકમ પદ્ધતિમાં વપરાતા પૂર્વગો**

| ગુણાંક | પૂર્વગ | સંજ્ઞા | ગુણાંક | પૂર્વગ | સંજ્ઞા |
|---|---|---|---|---|---|
| $10^{-24}$ | yocto-યોક્ટો | y | 10 | deca-ડેકા | da |
| $10^{-21}$ | zepto-ઝેપ્ટો | z | $10^2$ | hecto હેક્ટો | h |
| $10^{-18}$ | atto-એટ્ટો | a | $10^3$ | kilo-કિલો | k |
| $10^{-15}$ | femto-ફેમ્ટો | f | $10^6$ | mega-મેગા | M |
| $10^{-12}$ | pico-પિકો | p | $10^9$ | giga-ગીગા | G |
| $10^{-9}$ | nano-નેનો | n | $10^{12}$ | tera-ટેરા | T |
| $10^{-6}$ | micro-માઈક્રો | μ | $10^{15}$ | peta-પેટા | P |
| $10^{-3}$ | milli-મિલી | m | $10^{18}$ | exa-એક્ઝા | E |
| $10^{-2}$ | centi-સેન્ટિ | c | $10^{21}$ | zeta-ઝેટા | Z |
| $10^{-1}$ | deci-ડેસિ | d | $10^{24}$ | yotta-યોટ્ટા | Y |

**કોષ્ટક 1.2 SI પદ્ધતિના પાયાના એકમો અને તેની સમજૂતી**

| | | |
|---|---|---|
| **લંબાઈનો એકમ** | **મીટર(m)** | એક સેકન્ડના 1/299 792 458 માં ભાગના સમયગાળા દરમિયાન પ્રકાશે શૂન્યાવકાશમાં કાપેલા પથની લંબાઈને મીટર કહે છે. |
| **દળનો એકમ** | **કિલોગ્રામ(kg)** | દળનો એકમ કિલોગ્રામ છે. એક કિલોગ્રામના આંતરરાષ્ટ્રીય આદિરૂપ (પ્રોટાઈપ જેટલુ દળ.) |
| **સમયનો એકમ** | **સેકન્ડ(s)** | એક સેકન્ડ સીઝીયમ-133 પરમાણુની ધરા અવસ્થાના બે અતિસૂક્ષ્મ સ્તરોની વચ્ચે થતી સંક્રાંતિના અનુવર્તી વિકિરણના 9192631770 આવર્તોનો સમયગાળો છે. |
| **વિદ્યુત પ્રવાહનો એકમ** | **એમ્પિયર(A)** | એમ્પિયર એક એવો અચળ પ્રવાહ છે જે બે અનંત લંબાઈના બે સીધા સમાંતર વાહકો જેમના આડછેદ નહિવત્ અને શૂન્યાવકાશમાં એક મીટર અંતરે ગોઠવેલા છે અને આ વાહકોની વચ્ચેનું બળ $2 \times 10^{-7}$ ન્યૂટન પ્રતિ મીટર લંબાઈ પર હોય છે. |
| **ઉષ્માગતિકીય તાપમાનનો એકમ** | **કેલ્વિન(K)** | ઉષ્માગતિકીય તાપમાનનો એકમ કેલ્વિન કે જે પાણીના ત્રિબિંદુના ઉષ્માગતિકીય તાપમાનનો 1/273.16 મો ભાગ છે. |
| **પદાર્થના જથ્થાનો એકમ** | **મોલ(mol)** | પ્રણાલીના પદાર્થનો જથ્થો કે જે 0.012 કિલોગ્રામ કાર્બન-12 માં રહેલા પરમાણુઓ જેટલી પ્રાથમિક સ્પીસિઝ ધરાવે છે તેને મોલ કહે છે. તેની સંજ્ઞા મોલ (mol) છે. જ્યારે મોલનો ઉપયોગ કરવામાં આવે ત્યારે પ્રાથમિક સ્પીસિઝનો નિર્દેશ થવો જ જોઈએ. પ્રાથમિક સ્પીસિઝ તરીકે પરમાણુઓ,અણુઓ, આયનો, ઈલેક્ટ્રોન, અન્ય કણો અથવા આવા કોઈપણ કણોનો નિર્દેશિત સમૂહ હોઈ શકે. |
| **પ્રદીપ્ત તીવ્રતાનો એકમ** | **કેન્ડેલા(cd)** | કેન્ડેલા $540 \times 10^{12}$ હર્ટ્ઝ આવૃત્તિવાળા સ્રોતની જ્યોતિ તીવ્રતા છે. જે એકવર્ણી (monochromatic) વિકિરણનું આપેલ દિસામાં ઉત્સર્જન કરે છે અને તેની વિકિરણ તીવ્રતા 1/683 વોટ પ્રતિ સ્ટર્ડિયન તે દિશામાં હોય છે. |

Gyanmanjari Career Academy - Sample Copy

**કોષ્ટક 1.4 કેટલીક સામાન્ય ઉપયોગમાં આવતી ભૌતિક રાશિઓ અને તેના ઉપજાવેલા એકમો**

| ભૌતિક રાશિ | પરિમાણ | SI એકમ |
|---|---|---|
| ક્ષેત્રફળ | લંબાઈનો વર્ગ | $m^2$ |
| કદ | લંબાઈનો ઘન | $m^3$ |
| ઘનતા | એકમ કદનો ભાર | $kg\ m^{-3}$ |
| વેગ | એકમ સમયમાં કપાયેલું અંતર | $m\ s^{-1}$ |
| પ્રવેગ | એકમ સમયમાં વેગનો ફેરફાર | $m\ s^{-2}$ |
| બળ | ભાર × પદાર્થનો પ્રવેગ | $kg\ m\ s^{-2}$ (= ન્યુટન N) |
| દબાણ | એકમ ક્ષેત્રફળ પર લાગતું બળ | $kg\ m^{-1}\ s^{-2}$ (= પાસ્કલ Pa) |
| ઉર્જા | બળ × કપાયેલું અંતર | $kg\ m^2\ s^{-2}$ (= જૂલ J) |
| આવૃતિ | પ્રવાહ × સમય | C = A s |
| વિદ્યુતવિજભાર | – | $V = kg\ m^2 s^{-3}\ A^{-1}$ |
| પોટેન્શિયલ–તફાવત | – | $= JA^{-1}s^{-1} = JC^{-1}$ |
| વિદ્યુત-અવરોધ | પોટેન્શિયલ તફાવત/પ્રવાહ | $\Omega = VA^{-1}$ |
| વિદ્યુતવાહકતા | પરસ્પર અવરોધકતા | $\Omega^{-1} = AV^{-1}$ |

**(1) દળ / વજન :**

→ પદાર્થનું દળ એ તેમાં રહેલા દ્રવ્યનો જથ્થો

→ પદાર્થનું વજન તે પદાર્થ પર લાગતુ ગુરૂત્વાકર્ષણ બળ દર્શાવે છે. (સ્થાન મુજબ અલગ-અલગ હોઈ શકે છે.)

→ SI એકમ kg (કિલોગ્રામ)/નાનો એકમ g (ગ્રામ)

→ વૈશ્વિક તુલાથી માપી શકાય.

→ International Bureau of weight and measure માં રાખેલ Pt મિશ્રધાતુમાંથી બનાવેલ નળાકારના દળને 1 kg કહે છે.




**(2) કદ :**

→ કદ = લંબાઈ × પહોળાઈ × ઉંચાઈ

= મીટર × મીટર × મીટર = (મીટર)$^3$ = (m)$^3$

→ SI એકમ ન હોવા છતાં વ્યવહારમાં - એકમ તરીકે L (લીટર)

→ નાના એકમ તરીકે (સેમી)$^3$ = c.c = mL **અથવા** (10 cm = 1 dm)

(ડેસીમીટર)$^3$ = ($dm^3$) (1 L = 1000 mL, 1000 $cm^3$ = 1 $dm^3$)




**(3) ઘનતા :**

→ ઉપજાવી કાઢેલી રાશી છે.

→ એકમ કદમાં રહેલા દ્રવ્યના જથ્થાના દળને ઘનતા કહે છે.

→ $$\text{ઘનતા (density)} = \frac{\text{દળ}}{\text{કદ}} = \frac{\text{કિલોગ્રામ}}{(\text{મીટર})^3} = \frac{kg}{(m)^3}$$

$= kg/(m)^3$ or $kg\ m^{-3}$

→ નાના એકમ તરીકે ($g/cm^{-3}$)/$g.cm^{-3}$

**(4) તાપમાન :**

→ ત્રણ માપક્રમ છે.

(1) સેલ્સિયસ = (°C)

(2) ડીગ્રી ફેરનહીટ = (°F)

(3) કેલ્વીન = K (SI)- એકમ તરીકે

→ **ત્રણેય રાશીઓ વચ્ચેનો સબંધ**

0 °C = 32 °F = 273 K

°F = 9/5 (°C) + 32

K = °C + 273.15

$$^{\circ}C = \frac{5}{9}[F^{o} - 32] \qquad F^{o} = \frac{9}{5}(C^{o}) + 32$$

■ **Key point :-**

→ **0 K થી નીચુ તાપમાન એટલે કે કેલ્વીનમાં ઋણ મુલ્ય શક્ય નથી.**




Gyanmanjari Career Academy Sample Copy

## ❍ અર્થસુચક અંકો : (સાર્થક અંકો)

■ **પરીશુધ્ધતા અને ચોક્કસાઈ :**

→ ધારોકે 2gm ના માપન માટે ના પ્રયોગ હોય તો

■ **વિદ્યાર્થી (A) :**

(1) પ્રથમ માપન = 1.95g (2) બીજુ માપન = 1.93g

→ પરીણામ પરીશુધ્ધ (યથાર્થ) છે. (નજીક મૂલ્યો છે) પરંતુ પરીણામ ચોક્કસ નથી.

■ **વિદ્યાર્થી (B) :**

(1) પ્રથમ માપન = 1.94gm (2) બીજુ માપન= 2.05g

→ પરીણામ પરીશુધ્ધ (યથાર્થ) નથી, અને પરીણામ ચોક્કસ પણ નથી.

■ **વિદ્યાર્થી (C) :**

(1) પ્રથમ માપન = 2.01g (2) બીજુ મુલ્ય = 1.99g

→ પરીણામ પરીશુધ્ધ અને પરીણામ ચોક્કસ એમ બન્ને છે.

→ **"કોઈપણ સંખ્યામાં કુલ અંકો કે જેમાં છેલ્લો અંક કે જેનું મુલ્ય અચોક્કસ છે તેને અર્થસુચક અંક કહે છે."**

→ અર્થસુચક અંક = બધા ચોક્કસ અંકો + એક શંકાસ્પદ અંક ±1

→ અહીં 98.23 માટે પ્રથમ ત્રણ અંક ચોક્કસ છે. પરંતુ છેલ્લો એક 98.24 થી 98.22 વચ્ચે છે. માટે તે અચોક્કસ છે.

## ❍ અર્થસુચક અંક નક્કી કરવા માટેના નિયમો :

(1) બધા જ શુન્ય સિવાયના અંક અર્થસૂચક અંક છે.
ઉદાહરણ : 285માં અર્થસૂચક અંક 3 છે.
2.85માં અર્થસૂચક અંક 3 છે.
4.619 માં અર્થસૂચક અંક 4 છે.

(2) દશાંશચિહ્ન પહેલાંના શુન્યો તેમજ દશાંશચિહ્ન અને શુન્ય સિવાયના અંકો વચ્ચેના શુન્યોને અર્થસુચક અંક તરીકે ગણતા નથી.
ઉદાહરણ 0.18માં અર્થસુચક અંક 2 છે.
0.032 માં અર્થસૂચક અંક 2 છે.
0.00482 માં અર્થસૂચક અંક 3 છે.

(3) બે શૂન્ય સિવાયના અંકોની વચ્ચેના શુન્ય એક અર્થસૂચક અંક તરીકે લેવામાં આવે છે.
ઉદાહરણ 2.03માં અર્થસુચક અંક 3 છે.
6005 માં અર્થસૂચક અંક 4 છે.
80.007 માં અર્થસૂચક અંક 5 છે.

(4) દશાંશચિહ્નની જમણી બાજુએ અંક હોય અને તેની પાછળ શૂન્ય હોય તો તે અર્થસૂચક ગણાય છે.
ઉદાહરણ 0.200માં અર્થસુચક અંક 3 છે.
0.8000 માં અર્થસૂચક અંક 4 છે.
0.10000 માં અર્થસૂચક અંક 5 છે.

(5) પુર્ણાંક સંખ્યા પછી દશાંશચિહ્ન પાછળ મુકેલા શુન્યને અર્થસુચક અંક તરીકે ગણતરીમાં લેવામાં આવે છે.
ઉદાહરણ 28.0માં અર્થસુચક અંક 3 છે.
39.00 માં અર્થસૂચક અંક 4 છે.
40.000 માં અર્થસૂચક અંક 5 છે.

(6) જ્યારે અંકને વૈજ્ઞાનિક સંકેત પદ્ધતિમાં લખવામાં આવે છે ત્યારે 1 અને 10ની વચ્ચેના અંકોની સંખ્યા એ અર્થસૂચક અંક થાય.
Wënhý $4.01 \times 10^2$ માં અર્થસુચક અંક 3 છે.
$8.256 \times 10^3$ માં અર્થસૂચક અંક 4 છે.
$5.0243 \times 10^5$ માં અર્થસૂચક અંક 5 છે.

## ❍ અર્થસુચક અંકનો સરવાળો બાદબાકી :

→ અર્થસૂચક અંકના પરિણામી સરવાળામાં મળતા અંકો બંન્ને મૂળ અંકોથી દશાંશચિહ્નની જમણી બાજુના અંક વધારે હોઈ શકે નહી.
ઉદાહરણ : 12.11,18.0 અને 1.012નો સરવાળો કરતાં

$$\begin{array}{r} 12.11 \\ +\ 18.0 \\ +\ \underline{1.012} \\ 31.122 \end{array}$$

→ અહીં, 18.0 ને દશાંશચિહ્ન પછી એક જ અર્થસુચક અંક હોવાથી પરિણામ 31.122 ને દશાંશચિહ્નથી જમણી બાજુ એક જ અંક દર્શાવાય. આથી 31.122 ને 31.1 તરીકે જ દર્શાવાય.

→ આ જ પ્રમાણે 18 માંથી 12.11 ની બાદબાકી કરતાં..

$$\begin{array}{r} 18.0 \\ -\underline{12.11} \\ 5.89 \end{array}$$

→ અહીં, દશાંશ પહેલાં એક જ અર્થસુચક અંક હોવાથી પરિણામ (5.89) ને 5.9 તરીકે જ દર્શાવાય.

## ❍ અર્થસૂચક અંકનો ગુણાકાર :

→ અર્થસૂચક અંકના ગુણાકારમાં પણ પરિણામના અર્થસૂચક અંકને મુળ સંખ્યાના અર્થસુચક અંકથી વધારે અંકમાં દર્શાવી શકાય નહી.
ઉદાહરણ : $2.5 \times 1.25 = 3.125$

→ અહી 2.5 ને બે અર્થસૂચક અંક હોવાથી પરિણામ 3.125 ને બે કરતા વધારે અર્થસુચક અંકથી દર્શાવાય નહી. આથી 3.125 ને 3.1 તરીકે જ દર્શાવાય.

### અર્થસુચક અંકોના સરવાળા, બાદબાકી, ગુણાકાર કે ભાગાકાર માટે સંખ્યાના સંનિકટન માટે ધ્યાનમાં રાખવા જેવી બાબતો

(1) જો જમણી બાજુનો સૌથી છેલ્લો અંક 5 કરતા વધારે હોય, તો તેને દૂર કરી તેની આગળના અંકમાં 1 નો વધારો થાય છે.

→ દા.ત., 1.386 માં જો 6ને દુર કરવો હોય તો આપણે સંનિકટન (rounding off) 1.39 કરવું પડે.

(2) જો જમણી બાજુનો અંક 5 કરતા ઓછો હોય, તો તેને દૂર કરવામાં આવે છે, પણ તેની આગળના અંકમાં ફેરફાર થતો નથી.

→ દા.ત. 4.334 માં જો 4 ને દૂર કરીએ, તો સંનિકટન પરિણામ 4.33 થાય.

(3) જો જમણી બાજુનો સૌથી છેલ્લો અંક 5 જ હોય તથા તેની પહેલાંનો અંક બેકી અંક હોય, તો 5 ને દૂર કરતાં આગળના અંકમાં ફેરફાર કરવામાં આવતો નથી, પરંતુ જો 5 ની પહેલાનો અંક એકી હોય, તો આગળનો અંક 1 થી વધારવામાં આવે છે.

→ દા.ત., 6.25 નું સંનિકટન કરીએ તો પરિણામ 6.2 ગણાય પણ, 6.35 ના છેલ્લા અંકનું સંનિકટન કરીએ તો આપણને 3 ને બદલે 4 ગણવા પડે, જેથી પરિણામ 6.4 ગણાય.

## ❍ પરિણાત્મક પૃથક્કરણ (Dimensional analysis) :

→ ગણતરી કરતી વખતે ઘણી વખત એકમોને એક પદ્ધતિમાંથી બીજી પદ્ધતિમાં ફેરવવા પડે છે. આ કરવા માટે વપરાતી પદ્ધતિને **અવયવ ચિહ્નિત પદ્ધતિ** (factor lable method) અથવા **એકમ અવયવ** (unit factor method) **પદ્ધતિ** અથવા **પરિણામાત્મક પૃથક્કરણ** (dimensional analysis) કહે છે.

Gyanmanjari Career Academy - Sample Copy

**ઉદાહરણ : 1 :** ધાતુનો એક ટુકડો 3 ઇંચ (ઇંચને in વડે દર્શાવાય છે) લાંબો છે. તેની લંબાઇ cm માં કેટલી હશે ?

→ આપણે જાણીએ છીએ કે 1 in = 2.54 cm.
આ સમતુલ્યતાને આધારે લખી શકાય કે

$$\frac{1\ \text{in}}{2.54\ \text{cm}} = 1 = \frac{2.54\ \text{cm}}{1\ \text{in}}$$

→ આમ, $\frac{1\ \text{in}}{2.54\ \text{cm}}$ બરાબર 1 થાય છે અને $\frac{2.54\ \text{cm}}{1\ \text{in}}$ બરાબર 1 થશે.

→ આ બન્ને **એકમ અવયવો** કહેવાય છે. જો કોઇ સંખ્યાને આ એકમ અવયવ (એટલે કે 1) વડે ગુણીએ તો કોઇ અસર પડશે નહિં.

→ ધારો કે 3 in ને એકમ અવયવ વડે ગુણવામાં આવે તો

$$3\ \text{in} = 3\ \text{in} \times \frac{2.54\ \text{cm}}{1\ \text{in}} = 3 \times 2.54\ \text{cm} = 7.62\ \text{cm}$$

→ હવે એકમ અવયવ કે જેના વડે ગુણાકાર કરવામાં આવશે તે એકમ અવયવ $\frac{2.54\ \text{cm}}{1\ \text{in}}$ (ઉપરની બાબતમાં) થશે.

→ આથી ઇચ્છિત એકમ મળશે. એટલે કે અંશ ઇચ્છિત પરિણામમાં જરૂરી બનશે.

→ એ પણ નોંધવું જોઇએ કે ઉપરના ઉદાહરણમાં બીજી સંખ્યાના ભાગ તરીકે લઇ શકાય, તેને રદ્દ કરી શકાય. એકમોને ભાગી શકાય. ગુણી શકાય વગેરે.

→ આને માટે આપણે એક ઉદાહરણનો અભ્યાસ કરીએ.

**ઉદાહરણ 2 :** એક જગ (jug) માં 2L દૂધ છે. દૂધનું કદ $m^{-3}$ માં ગણો.
1 L = 1000 $cm^3$ અને 1 m = 100cm

જેથી આપણને મળશે $\frac{1\ \text{m}}{100\ \text{cm}} = 1 = \frac{100\ \text{cm}}{1\ \text{m}}$

→ ઉપરના એકમ અવયવોમાંના $m^3$ માં મેળવવા માટે પ્રથમ એકમ અવયવ લેવો પડશે અને પછી તેનો ઘન કરવો પડશે.

$$\left(\frac{1\text{m}}{100\text{cm}}\right)^3 \Rightarrow \frac{1\text{m}^3}{10^6\text{cm}^3} = (1)^3 = 1$$

→ હવે 2L = 2 × 1000 $cm^3$

→ ઉપરનાને એકમ અવયવ વડે ગુણવામાં આવે છે.

$$2 \times 1000\text{cm}^3 \times \frac{1\text{m}^3}{10^6\text{cm}^3} = \frac{2\text{m}^3}{10^3} = 2 \times 10^{-3}\text{m}^3$$

**ઉદાહરણ 3 :**

→ બે દિવસની સેકન્ડ કેટલી થાય ?
અહીંયા આપણે જાણીએ છીએ કે 1 દિવસમાં = 24 કલાક (h)

અથવા $\frac{1\text{દિવસ}}{24\text{h}} = 1 = \frac{24h}{1\text{દિવસ}}$

હવે 1 h = 60 min અથવા $\frac{1\text{h}}{60\text{min}} = 1\ \frac{60\text{min}}{1\text{h}}$

→ આથી 2 દિવસને સેકન્ડમાં ફેરવતાં,
એટલે કે 2 દિવસ ......... = .......સેકન્ડ

→ એકમ અવયવને એક જ તબક્કામાં શ્રેણીમાં ગુણાકાર કરતાં,

$$2\text{દિવસ} \times \frac{24\text{h}}{1\text{દિવસ}} \times \frac{60\text{min}}{1\text{h}} \times \frac{60_{\text{s}}}{1\text{min}}$$
$$= 2 \times 24 \times 60 \times 60\text{s} = 172800\ \text{s}$$

## ❍ રાસાયણિક સંયોગીકરણના નિયમો (Laws of Chemical Combinaion) :

### 1. દ્રવ્ય સંચયનો નિયમ (દ્રવ્ય સંરક્ષણનો નિયમ) (દળ સંરક્ષણનો નિયમ) (અવિનાશીતાનો નિયમ) (Law of Conservation of Mass) :

→ શોધક : એન્ટોની લેવોઇઝર

→ કોઇપણ રાસાયણિક પ્રક્રિયા દરમિયાન દ્રવ્યનો કુલ જથ્થો અચળ રહે છે.તેનો વિનાશ કે સર્જન શક્ય નથી.

→ માત્ર તેના એક સ્વરૂપનું બીજા સ્વરૂપમાં રૂપાંતર થાય છે.

→ અપવાદ : ન્યુક્લિયર પ્રક્રિયાઓમાં દ્રવ્ય સંચયનો નિયમ લાગુ પડતો નથી.

→ આધુનિક સમયમાં દ્રવ્ય સંચયનો નિયમ એવી જ પ્રક્રિયાઓને લાગુ પડે કે જેમાં પ્રકાશ અથવા ઉષ્માનું ઉત્સર્જન (ફેરફાર) અતિ અલ્પ થતા હોય.

→ ન્યુક્લિયર, પ્રક્રિયા દરમિયાન ઊર્જા ખૂબ વધુ મળે છે, જેથી દળમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળે છે.

→ ઉદાહરણ : $N_2 + 3H_2 \rightarrow 2NH_3$
28 ગ્રામ   6 ગ્રામ   34 ગ્રામ

→ અહી પ્રક્રિયકોનું કુલ દળ = (28 + 6) = 34 ગ્રામ
નીપજનું કુલ દળ = (2 × 17) = 34 ગ્રામ

### 2. નિશ્ચિત સંરચનાનો નિયમ (અચળ બંધારણનો નિયમ) (Law of Definate Proporation) :

→ શોધક : જોસેફ પ્રાઉસ્ટ

→ કોઇપણ રાસાયણિક સંયોજન ગમે તે પદ્ધતિ દ્વારા બનાવામાં આવે કે ગમે તે સ્થાનેથી તેનો નમૂનો લેવામાં આવે, પરંતુ તેમાં રહેલા ઘટક તત્ત્વોનું દળ-પ્રમાણ નિશ્ચિત હોય છે.

→ દા.ત. શુદ્ધ પાણીમાં હાઇડ્રોજન અને ઓક્સિજનનો વજનથી ગુણોત્તર 1 : 8 હોય છે.

### 3. સરળ ગુણક પ્રમાણનો નિયમ (Law of Multiple Proportion) :

→ શોધક : જહોન ડાલ્ટન

→ બે તત્ત્વો એકબીજા સાથે જોડાઇને એકથી વધુ અનેક સંયોજનો બનાવે ત્યારે બેમાંથી કોઇ એક તત્ત્વના નિશ્ચિત વજન સાથે સંયોજાતા બીજા તત્ત્વનું જુદું જુદું વજન એ સાદી પૂર્ણાંક સંખ્યા દ્વારા દર્શાવી શકાય.
દા.ત., CO અને $CO_2$ માં 12 ગ્રામ કાર્બન સાથે સંયોજાતા ઓક્સિજનનું દળ અનુક્રમે 16 તેમજ 32 ગ્રામ છે, જેને 1 : 2 સ્વરૂપે દર્શાવી શકાય.

### 4. સંયોજિત ભારનો નિયમ (વ્યસ્ત પ્રમાણનો નિયમ) (Law of Reciprocal Proportions) :

→ શોધક : રીચર

→ બે જુદા જુદા તત્ત્વોનાં જુદા જુદા વજન એ કોઇ ત્રીજા સમાન તત્ત્વના સમાન વજન સાથે સંયોજાય તો તે જુદા જુદા તત્ત્વો પણ એકબીજા સાથે સંયોજાઇને વિવિધ સંયોજનો બનાવી શકે છે.

Gyanmanjari Career Academy - Sample Copy

દા.ત.,




→ અહીં, હાઇડ્રોજન અને ઓક્સિજનનાં જુદા જુદા વજન (1 ગ્રામ અને 8 ગ્રામ) એ ત્રીજા સમાન તત્ત્વ (ક્લોરિન)ના સમાન વજન (35.5 ગ્રામ) સાથે સંયોજાય તો હાઇડ્રોજન અને ઓક્સિજન પણ એકબીજા સાથે સંયોજાઇને એકથી વધુ સંયોજનો જેવાં કે $H_2O$, $H_2O_2$ વગેરે બનાવી શકે.

→ તેવી જ રીતે અન્ય ઉદાહરણ નીચે મુજબ છે.




## 5. વાયુમય દળનો ગેલ્યુસેકનો નિયમ (Gay-Lussac's Law of Gaseous Volume) :

→ શોધક : ગેલ્યુસેક

→ જ્યારે વાયુરૂપ પ્રક્રિયકો એકબીજા સાથે સંયોજાઇને વાયુરૂપ નીપજ આપે છે, ત્યારે વાયુરૂપ પ્રક્રિયકો અને નીપજોના નિશ્ચિત કદનો ગુણોત્તર સામાન્ય હોય છે.

→ દા.ત., હાઇડ્રોજનનું એક કદ એ ક્લોરીનના એક કદ સાથે જોડાઇને બે કદ હાઇડ્રોજન ક્લોરાઇડ આપે છે.

$H_{2(g)} + Cl_{2(g)} \rightarrow 2HCl_{(g)}$

1 કદ 1 કદ 2 કદ (1 : 1 : 2)

→ દા.ત. નાઈટ્રોજનનું એક કદ એ હાઈડ્રોજનના ત્રણ કદ સાથે જોડાઈને બે કદ એમોનીયા મળે છે.

$N_{2(g)} + 3H_{2(g)} \rightarrow 2NH_{3(g)}$

1 કદ 3 કદ 2 કદ (1 : 3 : 2)




## ❍ એવોગેડ્રો નિયમ :

→ ઈ.સ. 1811માં એવોગેડ્રોએ જે નિયમ આપ્યો તે નીચે પ્રમાણે છે.

→ **"સમાન તાપમાને અને દબાણે, સમાન કદના જુદા જુદા વાયુઓમાં અણુઓની સંખ્યા સમાન હોય છે"**

$2H_{2(g)} + O_{2(g)} \rightarrow 2H_2O_{(g)}$

### JEE/NEET

**❍ બર્ઝેલિયસ અભિધારણા (Berzelius Hypothesis) :**

→ સમાન તાપમાને અને દબાણે સમાન કદના વાયુના અણુઓમાં પરમાણુની સંખ્યા સમાન હોય છે.

→ દા.ત. $H_{2(g)} + Cl_{2(g)} \rightarrow 2HCl_{(g)}$

2 પરમાણુ 2 પરમાણુ 4 પરમાણુ

**❍ એવોગેડ્રો અભિધારણા (Avogadro Hypothesis) :**

→ સમાન તાપમાને અને દબાણે સમાન વાયુઓમાં અણુઓની સંખ્યા સમાન હોય છે.

→ દા.ત. $H_{2(g)} + Cl_{2(g)} \rightarrow 2HCl_{(g)}$

1 અણુ 1 અણુ 2 અણુ

Gyanmanjari Career Academy - Sample Copy

## ❍ ડાલ્ટનનો પરમાણ્વીય સિધ્ધાંત :

❒ **ડાલ્ટનના નિયમની અભિધારણા લખો.**

→ ડાલ્ટનના મત મુજબ દ્રવ્ય નાનામાં નાના અવિભાજ્ય (a-tomic) કણોનું બનેલું છે. આ અવિભાજ્ય સુક્ષ્મ કણને પરમાણુ તરીકે ઓળખવામાં આવે છે.

(1) તત્વ જે નાનામાં નાના સૂક્ષ્મ કણનું બનેલું છે, તેને પરમાણુ કહે છે.

(2) દ્રવ્ય અવિભાજ્ય પરમાણુઓનું બનેલું છે.

(3) કોઈપણ એક તત્વના બધા જ પરમાણુનાં દળ અને ગુણધર્મો સમાન હોય છે, પરંતુ તે અન્ય તત્વના પરમાણુનાં દળ અને ગુણધર્મોમાં અલગ હોય છે.

(4) તત્વના પરમાણુઓનું દળ નિશ્ચિત હોય છે.

(5) જુદા જુદાં તત્વોના પરમાણુઓ ચોક્કસ પ્રમાણમાં જોડાઈને સંયોજનો બનાવે છે. સંયોજનોમાં રહેલા પરમાણુઓ નિશ્ચિત સંરચના ધરાવે છે. દા.ત. $H_2O$, $NH_3$, $CH_4$ વગેરે

(6) રાસાયણિક પ્રક્રિયા દ્વારા પરમાણુની ફેરગોઠવણી શક્ય છે, પરંતુ તેનું સર્જન કે વિનાશ શક્ય નથી.

દા.ત., $N_{2(g)} + 3H_{2(g)} \rightleftharpoons 2NH_{3(g)}$

$28g + 6g = 34g$

❒ **ડાલ્ટનના પરમાણ્વીય સિદ્ધાંતની મર્યાદાઓ :**

→ કેન્દ્રીય પ્રક્રિયાઓ અને સમસ્થાનિકોની શોધના સંદર્ભમાં ડાલ્ટનના

→ નિયમનું મહત્વ રહેતું નથી. કારણ કે, ડાલ્ટનની અભિધારણા મુજબ, પરમાણુ અવિભાજ્ય છેતે અભિધારણા ખોટી ઠરેલ છે.

→ **મહત્વતા :** ડાલ્ટનનો સિદ્ધાંત રાસાયણિક સંયોગીકરણના નિયમો સમજાવી શકે છે.

## ❍ પરમાણ્વીય દળ :

→ **ડાલ્ટનના સિદ્ધાંત પ્રમાણે "દરેક તત્વના પરમાણુને નિશ્ચિત દળ હોય છે, જેને પરમાણ્વીય દળ (Atomic mass) કહે છે"**

→ દ્રવ્યમાન સ્પેક્ટ્રોમિટર (Mass Spectrometer) નામના આધુનિક સાધનથી પરમાણ્વીય દળનું નિશ્ચિત મુલ્ય મેળવી શકાય છે.

→ કાર્બનના સમસ્થાનિક $C^{12}$ ને પ્રમાણિત ગણી તેનું પરમાણ્વીય દળ 12 amu સ્વીકારવામાં આવ્યું છે.

→ $C^{12}$ પરમાણુના દળના $\frac{1}{12}$ અંશ(ભાગ) amu (atomic mass unit) કહે છે.

$1\ amu = 1.66056 \times 10^{-24} g$

→ **ઉદાહરણ :** હાઈડ્રોજનનું પરમાણ્વીય દળ, પ્રમાણિત $C^{12}$ ના દળ કરતા $\frac{1}{12}$ ગણુ થાય.

→ હાઈડ્રોજનના એક પરમાણુનું દળ = $1.6736 \times 10^{-24} g$

→ હાઈડ્રોજનનું પરમાણ્વીય દળ = $\frac{1.6736 \times 10^{-24} g}{1.66056 \times 10^{-24} g}$

$= 1.0078\ amu$

$= 1.008\ amu$

→ હાલમાં પરમાણ્વીય દળ એકમને એકીકૃત દળ unified mass તરીકે ગણીને 'u' એકમ વપરાય છે.

→ આમ, હાઈડ્રોજનનું પરમાણ્વીય દળ=1.008u
તથા ઓક્સિજનનું પરમાણ્વીય દળ=15.995u = 16u

## ❍ સરેરાશ પરમાણ્વીય દળ :

→ કુદરતી રીતે મળતાં તત્વો એક કરતાં વધારે સમસ્થાનિકો ધરાવતા હોય છે, જયારે આપણે આ સમસ્થાનિકોનું અસ્તિત્વ અને તેમની સાપેક્ષ પ્રચુરતા (ટકામાં પ્રમાણ) ને ધ્યાનમાં લઈએ તો તેના પરથી તે તત્વનો સરેરાશ પરમાણ્વીય દળ ગણી શકીએ.

| સમસ્થાનિક | સાપેક્ષ પ્રચુરતા | (%) | પરમાણ્વીય દળ (amu) |
|---|---|---|---|
| $^{12}C$ | 98.892 | 0.98892 | 12 |
| $^{13}C$ | 1.108 | 0.01108 | 13.00335 |
| $^{14}C$ | $2 \times 10^{-10}$ | $2 \times 10^{-12}$ | 14.00317 |

→ કાર્બનનું સરેરાશ પરમાણ્વીય દળ
$= (0.98892)(12) + (0.01108)(13.00335) + (2 \times 10^{-12})(14.00317) = 12.011\ u$

→ આજ પ્રમાણે $\underset{5\%}{^{54}}$Fe, $\underset{90\%}{^{56}}$Fe અને $\underset{5\%}{^{57}}$Fe છે, તો Fe નું સરેરાશ પરમાણ્વીય દળ

$$= \frac{(5 \times 54) + (90 \times 56) + (5 \times 57)}{5 + 90 + 5} = 55.95\ u \text{ મળે.}$$

## ❍ આણ્વીયદળ :

→ અણુનું આણ્વીય સુત્ર (અણુસુત્ર) જાણતા હોઈએ, તો તેમાં રહેલા પરમાણુની સંખ્યાને તે પરમાણુના પરમાણ્વીય દળ વડે ગુણી, તેમનો સરવાળો કરતાં આણ્વીય દળ મળે છે.

→ ઉદાહરણ : $H_2O$ નું આણ્વીય દળ નીચે પ્રમાણે શોધી શકાય
$H_2O$નું આણ્વીય દળ
= 2(Hનું પરમાણ્વીય દળ) +1(Oનું પરમાણ્વીય દળ)
$= 2(1.0u) + 1(16.0u) = 18.0u$

→ આજ પ્રમાણે,

→ સુક્રોઝ ($C_{12}H_{22}O_{11}$) નું આણ્વીય દળ
$= 12(C) + 22(H) + 11(O)$
$= 12(12) + 22(1) + 11(16) = 342\ u$

## ❍ સુત્રદળ :

→ NaCl જેવા આયનીય પદાર્થ તેમના બંધારણીય એકમ તરીકે સ્વતંત્ર અણુ ધરાવતા નથી.આવા સંયોજનોમાં ધનાયન ($Na^+$) અને ઋણાયન ($Cl^-$) ત્રિપરિમાણીય રચનામાં ગોઠવાયેલા હોય છે.

→ તેમાં દરેક $Na^+$ ની આસપાસ 6 $Cl^-$ અને દરેક $Cl^-$ ની આસપાસ 6$Na^+$ ગોઠવાયેલા હોય છે.

Gyanmanjari Career Academy - Sample Copy



આકૃતિ : સોડિયમ ક્લોરાઈડમાં $Na^+$ અને $Cl^-$ આયનોનું પેકિંગ

→ NaCl નું સુત્રદળ
= Na નું પરમાણ્વીય દળ + Cl નું પરમાણ્વીય દળ
= 23 + 35.5
= 58.5u

## NEET-JEE

❍ **પરમાણુભાર (Atomic Mass)માપન પદ્ધતિ :**

**(1) ડ્યુલોન્ગસ અને પેટિટ્સ પધ્ધતિ (Dulong and pettit's Method)**

→ આ નિયમ માત્ર ઘન માટે લાગુ પડે છે. (અપવાદ Be, B, Si, C)

→ પરમાણુ દળ × વિશિષ્ટ ઉષ્મા = 6.4

→ $\text{પરમાણુ દળ} = \dfrac{6.4}{\text{વિશિષ્ટ ઉષ્મા (કેલરી/ગ્રામ)}}$

→ આ પધ્ધતિ Be, B, Si, C માટે ઉપયોગી નથી કારણ કે આ તત્વોની વિશિષ્ટ ઉષ્મા તાપમાન સાથે બદલાય છે.

**(2) બાષ્પઘનતા પદ્ધતિ (Vapour Density Method) :**

→ આ પદ્ધતિ એવા તત્વો માટે વધુ યોગ્ય છે કે જેના ક્લોરાઈડ સંયોજનો બાષ્પશીલ હોય તત્વોની સંયોજકતા

$$= \frac{\text{ક્લોરાઈડનો અણુભાર}}{\text{ક્લોરાઈડનો તુલ્યભાર}} = \frac{2 \times \text{ક્લોરાઈડની બાષ્પઘનતા}}{\text{ધાતુનો તુલ્યભાર} + 35.5}$$

**(3) બાષ્પઘનતા પદ્ધતિ (Vapour Density Method):**

→ અણુભાર = 2 × બાષ્પઘનતા

**(4) વિક્ટર-મેયર પધ્ધતિ (Victor-Mayer Method):**

→ STP એ કોઈ કાર્બનીક પદાર્થનું દળ W ગ્રામ અને કદ V ml હોય, તો તેનો અણુભાર $= \dfrac{W}{V} \times 22400$

## JEE/NEET

❍ **ગ્રામ પરમાણુભાર (Gram Atomic Mass (GAM) :**

→ જ્યારે તત્ત્વનો પરમાણુભાર ગ્રામમાં દર્શાવવામાં આવે તે મૂલ્યને ગ્રામ પરમાણુભાર કહે છે.

→ દા.ત., 1 નાઈટ્રોજન પરમાણુનું દળ = 14 amu
$= 14 \times 1.67 \times 10^{-24}$ ગ્રામ

→ નાઈટ્રોજનનાં 1 મોલ પરમાણુનું દળ
$= 14 \times 1.67 \times 10^{-24} \times 6.022 \times 10^{23} = 14$ ગ્રામ

❍ **અણુભાર (આણ્વિયદળ) (Molecular Mass) :**

→ પદાર્થના અણુમાં રહેલા તમામ પરમાણુઓના પરમાણુભારનો સરવાળો એટલે અણુનો અણુભાર. (આણ્વિયદળ)

→ દા.ત., $H_2O = 2(H) + 1(O) = 2 + 16$
= 18 u અથવા amu

→ $CO_2 = 1(C) + 2(O) = 12 + 32 = 44$ u અથવા amu

❍ **ગ્રામ અણુભાર (Gram Molecular Mass (GMM)) :**

→ પદાર્થના અણુભારને ગ્રામમાં દર્શાવય ત્યારે તે મૂલ્યને ગ્રામ અણુભાર કહે છે.

→ દા.ત., $O_2$ નું દળ = 32 u અથવા amu
$= 32 \times 1.67 \times 10^{-24}$ ગ્રામ
$= 32 \times 1.67 \times 10^{-24} \times 6.023 \times 10^{23} = 32$ ગ્રામ
$O_2$ નો એવોગેડ્રો અંક જેટલા અણુનું દળ = 32 ગ્રામ

❍ **વાસ્તવિક દળ (Real Mass) :**

→ પદાર્થના 1 અણુનું ગ્રામમાં દળ એટલે વાસ્તવિક દળ.

→ દા.ત., $O_2$ ના 1 અણુનું દળ $= 32 \times 1.67 \times 10^{-24}$

→ $H_2O$ ના 1 અણુનું દળ $= 18 \times 1.67 \times 10^{-24}$ ગ્રામ

❍ **મોલર દળ અને મોલ સંકલ્પના :**

→ 1 મોલ કણ (અણુ/પરમાણુ/ આયન) $= 6.022 \times 10^{23}$ કણ

→ 1 મોલ પરમાણુનું ગ્રામમાં દર્શાવેલ દળ
= ગ્રામ પરમાણ્વીય દળ (Gram atomic mass)
= ગ્રામ પરમાણું (Gram-atom)
= મોલર પરમાણ્વીય દળ

→ 1 મોલ પરમાણુનું ગ્રામમાં દર્શાવેલ દળ
= ગ્રામ આણ્વીય દળ (Gram molecular mass)
= ગ્રામ અણું (Gram-molecule)
= મોલર આણ્વીય દળ

→ $\text{પદાર્થના મોલ} = \dfrac{\text{પદાર્થનું દળ ગ્રામમાં}}{\text{ગ્રામ પરમાણ્વીય દળ}}$ or

→ $\text{પદાર્થના મોલ} = \dfrac{\text{પદાર્થનું દળ ગ્રામમાં}}{\text{ગ્રામ આણ્વીય દળ}}$

→ $\text{પદાર્થના મોલ} = \dfrac{\text{કણ સંખ્યા}}{6.022 \times 10^{23}} = \dfrac{\text{No.of particals}}{N_A}$

Gyanmanjari Career Academy - Sample copy

→ પદાર્થના એક પરમાણુનું દળ $= \dfrac{\text{ગ્રામ પરમાણ્વીય દળ}}{6.022\times10^{23}}$

→ પદાર્થના એક અણુનું દળ $= \dfrac{\text{ગ્રામ આણ્વીય દળ}}{6.022\times10^{23}}$

→ $1\text{a.m.u} = \dfrac{1}{12}\times C^{-12}$ પરમાણુનું દળ

$= \dfrac{1}{12}\times\dfrac{12}{6.022\times10^{23}} = 1.66\times10^{-24}\text{g}$

યાદ રાખો :




| NTP/STP | |
|---|---|
| → | Normal condition of Temparature and Pressure Standard Temparature and Pressure (પ્રમાણીત તાપમાન અને દબાણ) |
| → | T = 0°C/273.15 k |
| → | P = 1 atm (atmosphere,-વાતારવણ) = 760 mmHg or 76 cm Hg |
| → | v = 22.413996 L |
| **SATP** | |
| → | Standard Ambient Temparature and Pressure |
| → | T = 298.15 k |
| → | P = 1 bar |
| → | V = 24.789 L |

❍ **બંધારણીય તત્વોની ટકાવારી :**

→ તત્વોનું ટકાવાર દળ $= \dfrac{\text{સંયોજનમાંરહેલા તત્વોનુંદળ}\times100}{\text{સંયોજનનુંઆણ્વીય દળ}}$

**દાખલો :** પાણી ($H_2O$) માં રહેલા દરેક તત્વનું ટકાવાર દળ ગણો.

**ઉકેલ :** H નું પરમાણ્વીય દળ = 1 amu

તેથી Hનું આણ્વીય દળ $= \dfrac{2\times100}{18} = 11$ (અહીં Hના બે પરમાણુ છે.)

→ O (ઓક્સિજન)નું પરમાણ્વીય દળ = 16.0 ગ્રામ મોલ$^{-1}$

→ $H_2O$ નું પરમાણ્વીય દળ =18.0 ગ્રામ મોલ$^{-1}$

ઓક્સિજનનું ટકાવાર દળ $= \dfrac{16.0\times100}{18.0} = 88.89\%$

**દાખલો :** ઈથેનોલ ($C_2H_5OH$) માં રહેલા દરેક તત્વનું ટકાવાર દળ-પ્રમાણ શોધો.

**ઉકેલ :** C નું પરમાણ્વીય દળ = 12 ગ્રામ મોલ$^{-1}$

→ H નું પરમાણ્વીય દળ = 1 ગ્રામ મોલ$^{-1}$

→ O નું આણ્વીય દળ = 16.0 ગ્રામ મોલ$^{-1}$

→ ઈથેનોલનું $C_2H_5OH$ નું આણ્વીય દળ
$= 2(12.0) + 6(1.0) + 1(16.0)$
$= 24 + 6 + 16 = 46$ ગ્રામમોલ$^{-1}$

→ H નું ટકાવાર દળ $= \dfrac{6(1.0)\times100}{46} \approx 13.04\%$

→ C નું ટકાવાર દળ $= \dfrac{2(12)\times100}{46} \approx 52.17\%$

→ O નું ટકાવાર દળ $= \dfrac{16\times100}{46} \approx 34.78\%$

**પ્રમાણસૂચક સૂત્ર અને આણ્વીય સૂત્ર**

| તત્વ તત્વનું પરમાણ્વીયદળ | ટકા % | પરમાણુનો ગુણોત્તર | સાદો ગુણોત્તર | સાદી પૂર્ણાંક સંખ્યા |
|---|---|---|---|---|
| C (12) | 54.55 | $\frac{54.55}{12}=4.55$ | $\frac{4.55}{2.27}=2.0$ | 2 |
| H (1) | 9.06 | $\frac{9.06}{1}=9.06$ | $\frac{9.06}{2.27}=3.99$ | 4 |
| O (16) | 36.39 | $\frac{36.39}{16}=2.27$ | $\frac{2.27}{2.27}=1.0$ | 1 |

→ પ્રમાણસૂચક સૂત્ર $C_2H_4O$ મળે જેનું સૂત્રદળ = 24 + 4 + 16 = 44 ગ્રામસૂત્ર$^{-1}$

→ ગુણક સંખ્યા $n = \dfrac{\text{આણ્વીય દળ}}{\text{સુત્ર દળ}}$

→ અણુસુત્ર = 2 × પ્રમાણસૂચક સૂત્ર = 2 × $C_2H_4O$, $C_4H_8O_2$ મળે

→ $n = \dfrac{\text{આણ્વીય દળ}}{\text{સુત્ર દળ (પ્રમાણસૂચક સૂત્રભાર)}}$

→ આણ્વીય સૂત્ર = n x પ્રમાણસૂચક સુત્ર (જ્યાં (n) ગુણકની સંખ્યા)

❍ **પ્રમાણસૂચક સુત્ર અને આણ્વીય સુત્ર :**

→ એક કાર્બનીક સંયોજનમાં 49.30% કાર્બન, 6.84% હાઈડ્રોજન છે અને તે સંયોજનની બાષ્પઘનતા 73 છે. તો આ સંયોજનનું આણ્વીય સુત્ર જણાવો.

(a) $C_5H_6O_5$ (b) $C_6H_{10}O_4$
(c) $C_7H_{14}O_3$ (c) બધા જ સાચા

$C = \dfrac{\%}{100}\times\dfrac{\text{આણ્વીય દળ}}{\text{પરમાણ્વીય દળ}} = \dfrac{49.30}{100}\times\dfrac{146}{12} = 6$

$H = \dfrac{\%}{100}\times\dfrac{\text{આણ્વીય દળ}}{\text{પરમાણ્વીય દળ}} = \dfrac{6.84}{100}\times\dfrac{146}{1} = 10$

$O = \dfrac{\%}{100}\times\dfrac{\text{આણ્વીય દળ}}{\text{પરમાણ્વીય દળ}} = \dfrac{43.86}{100}\times\dfrac{146}{16} = 4$

→ આણ્વીય સૂત્ર = $C_6H_{10}O_4$

→ આણ્વીય દળ = (12 × 6) + (1 × 10) +(16 × 4) = 146

Gyanmanjari Career Academy - Sample Copy

## JEE/NEET

### ❍ રાસાયણિક તત્વયોગમિતિ (Chemical Stoichiometry) :

**1. દળ-દળ સંબંધ (Mass-Mass Relationship) :**

→ દા.ત.,25 ગ્રામ $CaCO_3$ને ગરમ કરતાં ઉદ્ભવતા $CO_2$ નું દળ કેટલું થાય ?

$$CaCO_3 \xrightarrow{\Delta} CaO + CO_2$$

100 ગ્રામ　　　　44 ગ્રામ

$\therefore$ 25 ગ્રામ　　　　x ગ્રામ

$$\therefore x = \frac{25 \times 44}{100} = 11 \text{ ગ્રામ}$$

**2. મોલ-મોલ સંબંધ (Mole-Mole Relationship) :**

→ દા.ત.,$MnO_2$ની હાજરીમાં 5 મોલ $KClO_{3(s)}$ ને ગરમ કરતાં કેટલા મોલ $O_2$ ઉદ્ભવે ?

$$2KClO_{3(s)} \xrightarrow[\Delta]{[MnO_2]} 2KCl + 3O_2$$

2 મોલ　　　　3 મોલ

$\therefore$ 5 મોલ　　　　x મોલ

$$\therefore x = \frac{5 \times 3}{2} = 7.6 \text{ મોલ}$$

**3. દળ-કદ સંબંધ (Mass-Volume Relationship) :**

→ દા.ત.,8.5 ગ્રામ $H_2O_2$નું સંપૂર્ણ વિઘટન થતાં NTP એ કેટલા કદનો $O_2$ વાયુ ઉદ્ભવે છે ?

$2H_2O_2 \rightarrow 2H_2O + O_2$

2 × 34 ગ્રામ　　　　22.4 લિટર

$\therefore$ 8.5 ગ્રામ　　　　x લિટર

$$\therefore x = \frac{8.5 \times 22.4}{2 \times 34} = 2.81 \text{ લિટર}$$

**4. કદ-કદ સંબંધ (Volume-Volume Relationship) :**

→ દા.ત., 40 mL $C_4H_{10}$ નું દહન કરતાં કેટલા mL $CO_2$ ઉદ્ભવે ?

$2C_4H_{10} + 13O_2 \rightarrow 8CO_2 + 10H_2O$

2 મોલ　　　　8 મોલ

$\therefore$ 2 કદ　　　　8 કદ

$\therefore$ 40 mL　　　　?

$$\therefore \frac{2}{40} = \frac{8}{x}$$

$$\therefore x = \frac{40 \times 8}{2} = 160 \text{ mL}$$

### ❍ પ્રક્રિયકની શુદ્ધતાનું ટકાવાર પ્રમાણ :

દા.ત., 50 ગ્રામ 80% શુદ્ધ $CaCO_3$ ને સખત ગરમ કરતાં ઉદ્ભવતા $CO_2$ નું દળ કેટલું થાય ?

$CaCO_3 \rightarrow CaO + CO_2$

100 ગ્રામ　　　　44 ગ્રામ

$\therefore \frac{80}{100} \times 50$　　　　x ગ્રામ

$$\therefore \frac{100}{\frac{80}{100} \times 50} = \frac{44}{x}$$

$$\therefore x = \frac{44}{100} \times \frac{80}{100} \times 50 = 17.6 \text{ ગ્રામ}$$

### ❍ રાસાયણિક સમીકરણનું સમતોલન :

→ દળસંચયના નિયમ પ્રમાણે કોઈ સમતોલિત રાસાયણિક સમીકરણમાં દરેક તત્ત્વના પરમાણુઓની સંખ્યા સમીકરણની બન્ને બાજુએ સરખી હોવી જોઈએ. પ્રયત્ન અને ભૂલ પદ્ધતિને આધારે ઘણા રાસાયણિક સમીકરણોને સમતોલિત કરી શકાય છે.

→ આપણે કેટલીક ધાતુઓ અને અધાતુઓની ઑક્સિજન સાથેની પ્રક્રિયાઓ લઈએ કે જે ઑક્સાઈડ આપે છે.

(a) $4Fe(s) + 3O_2(g) \rightarrow 2Fe_2O_3(s)$

(a) સમતોલિત સમીકરણ

(b) $2Mg(s) + O_2(g) \rightarrow 2MgO(s)$

(b) સમતોલિત સમીકરણ

(c) $P_4(s) + O2(g) \rightarrow P_4O_{10}(s)$

(c) અસમતોલિત સમીકરણ

→ સમીકરણ (a) અને (b) સમતોલિત છે, કારણ કે સમીકરણની બન્ને બાજુએ ધાતુ અને ઑક્સિજન પરમાણુની સંખ્યા સરખી છે. જ્યારે સમીકરણ (c) સમતોલિત નથી આ સમિકરણ ફોસ્ફરસ પરમાણુથી સમતોલિત છે પણ ઑક્સિજન પરમાણુથી સમતોલિત નથી.

→ તેને સમતોલ કરવા માટે આપણે સમીકરણની ડાબી બાજુએ ઑક્સિજનના ગુણાંક તરીકે 5 મૂકવા પડશે. કારણ કે સમીકરણની જમણી બાજુએ તેટલા રહેલા છે.

$P_4(s) + 5O_2(g) \rightarrow P_4O_{10}(s)$ સમતોલિત સમીકરણ

→ હવે, આપણે પ્રોપેન $C_3H_8$ ની દહન પ્રક્રિયા લઈએ. આ સમીકરણ નીચેના સોપાનો પ્રમાણે સમતોલ કરી શકાય :

→ **સોપાન -1 :**

→ પ્રક્રિયક અને નીપજના સાચા સૂત્રો લખો. અહીંયા પ્રોપેન અને ઑક્સિજન પ્રક્રિયકો છે. જ્યારે કાર્બન ડાયોક્સાઈડ અને પાણી નીપજો છે.

$C_3H_8(g) + O_2(g) \rightarrow CO_2(g) + H_2O(l)$ અસમતોલિત સમીકરણ

→ **સોપાન 2 :**

→ C પરમાણુની સંખ્યાને સમતોલ કરો. પ્રક્રિયકમાં 3 કાર્બન પરમાણુ છે, માટે જમણી બાજુ $CO_2$ ના 3 અણુઓ દર્શાવવા પડે.

$C_3H_8(g) + O_2(g) \rightarrow 3CO_2(g) + H_2O(l)$

→ **સોપાન -3 :**

→ H પરમાણુની સંખ્યાને સમતોલ કરો. ડાબી બાજુ 8 હાઈડ્રોજન પરમાણુ પ્રક્રિયકમાં છે. કારણ કે દરેક પાણીના અણુમાં બે હાઈડ્રોજન પરમાણુ છે. આથી પાણીના ચાર અણુની જરૂર પડશે જેથી જમણી બાજુ આઠ હાઈડ્રોજન પરમાણુ થશે.

$C_3H_8(g) + O_2(g) \rightarrow 3CO_2(g) + 4H_2O(l)$

Gyanmanjari Career Academy - Sample Copy

→ **સોપાન 4 :**

→ O પરમાણુની સંખ્યાને સમતોલ કરો. જમણી બાજુ 10 ઑક્સિજન Ãh{ ký wÂu ($3 \times 2 = 6CO_2$ માં અને $4 \times 1 = 4$ પાણીમાં). આથી પાંચ $O_2$ અણુઓની જરૂર પડશે. જેથી 10 ઑક્સિજન પરમાણુ જમણી બાજુ થશે.

$$C_3H_8(g) + 5O_2(g) \rightarrow 3CO_2(g) + 4H_2O(l)$$

→ **સોપાન 5 :**

→ ખાતરી કરો કે અંતિમ સમીકરણમાં દરેક તત્ત્વના પરમાણુની સંખ્યા સરખી છે. સમીકરણ ત્રણ કાર્બન પરમાણુ, આઠ હાઇડ્રોજન પરમાણુ અને દસ ઑક્સિજન પરમાણુ દરેક બાજુ દર્શાવે છે. બધા જ સમીકરણો જેમા બધા જ પ્રક્રિયકો અને નીપજોના સૂત્ર સાચાં હોય તેમને સમતોલ કરી શકાય છે.

→ હંમેશા યાદ રાખો કે પ્રક્રિયકો અને નીપજોના સૂત્રોમાં પદાક્ષર (sub-scripts) સમીકરણ સમતોલ કરવા માટે બદલી શકાય નહિ.

→ અહીંયા મિથેન અને ડાયઑક્સિજન પ્રક્રિયકો કહેવાય છે અને કાર્બન ડાયોક્સાઇડ અને પાણી નીપજો કહેવાય છે.

→ એ નોંધવું જરૂરી છે કે ઉપરની પ્રક્રિયામાં બધા જ પ્રક્રિયકો અને નીપજો વાયુઓ છે.

→ આ માટે દરેકના સૂત્રની પાછળ કૌંસમાં અક્ષર (g) લખવામાં આવે છે અને તે પ્રમાણે ઘન અને પ્રવાહી માટે અનુક્રમે અક્ષર (s) અને (l) લખવામાં આવે છે.

$O_2$ અને $H_2O$ માટે ગુણાંક 2 તત્ત્વયોગમિતિય ગુણાંક કહેવાય છે, તે જ પ્રમાણે $CH_4$ અને $O_2$ નો તત્ત્વયોગમિતિય ગુણાંક 1 છે.

→ તેઓ પ્રક્રિયામાં ભાગ લેતા અને પ્રક્રિયામાં બનતા પદાર્થના અણુઓની (અને મોલની પણ) સંખ્યા દર્શાવે છે. આમ ઉપર પ્રમાણેની રાસાયણિક પ્રક્રિયા અનુસાર,

(1) $CH_4(g)$ નો એક **મોલ** $O_2(g)$ ના બે **મોલ** સાથે પ્રક્રિયા કરે છે અને $CO_2(g)$ એક **મોલ** $H_2O(g)$ ના બે મોલ આપે છે.

(2) $CH_4(g)$ નો એક **અણુ** $O_2(g)$ ના બે **અણુ** સાથે પ્રક્રિયા કરે છે અને $CO_2(g)$ એક **અણુ** અને $H_2O(g)$ ના બે અણુ આપે છે.

(3) $CH_4(g)$ ના 22.7L, $O_2(g)$ ના 45.4L સાથે પ્રક્રિયા કરી $CO_2(g)$ ના 22.7L અને $H_2O(g)$ ના 45.5L આપે છે.

(4) $CH_4(g)$ ના16 g $O_2(g)$ ના $2 \times 32(g)$ સાથે પ્રક્રિયા કરી $CO_2(g)$ ના 44 g અને $H_2O(g)$ ના $2 \times 18(g)$ આપે છે.

→ આ સંબંધો પરથી મળતી માહિતી નીચે પ્રમાણે એકબીજામાં રૂપાંતરિત કરી શકાય છે.

→ દળ $\rightleftharpoons$ મોલ $\rightleftharpoons$ અણુઓની સંખ્યા

→ $\frac{\text{દળ}}{\text{કદ}}$ = ઘનતા

**કોયડો :** 16 g મિથેનના દહનથી ઉત્પન્ન થયેલ પાણી (g) નો જથ્થો ગણો.

**ઉકેલ:**

→ મિથેનના દહન માટેનું સમતોલિત રાસાયણિક સમીકરણ છે :

$$CH_4(g) + 2O_2(g) \rightarrow CO_2(g) + 2H_2O(g)$$

(i) 16 g $CH_4$ બરાબર 1 મોલ થાય.

(ii) ઉપરના સમીકરણ પરથી 1 મોલ $CH_4(g)$ 2 મોલ $H_2O(g)$ આપે છે.

→ 2 મોલ $H_2O(g) = 2 \times (2 + 16) = 2 \times 18 = 36$ g

**કોયડો :** દહનની પ્રક્રિયાને અંતે 22 g $CO_2(g)$ ઉત્પન્ન કરવા માટે કેટલા મોલ મિથેનની જરૂર પડે ?

**ઉકેલ :**

→ રાસાયણિક સમીકરણ પ્રમાણે :

$$CH_4(g) + 2O_2(g) \rightarrow CO_2(g) + 2H_2O(g)$$

→ 44 g $CO_2(g)$ એ 16(g) $CH_4$ માંથી મળેલ છે.

→ કારણકે 1 મોલ $CO_2(g)$, 1 મોલ $CH_4(g)$ માંથી મળેલ છે.

→ $CO_2(g)$ ના મોલ = 22 g $CO_2(g) \times \frac{1 \text{ મોલ } CO_2(g)}{44 g \cdot CO_2(g)}$

$$= 0.5 \text{ mol } CO_2(g)$$

→ આમ, 0.5 મોલ $CO_2(g)$, 0.5 મોલ $CH_4(g)$ માંથી અથવા $CH_4(g)$ ના 0.5 મોલની 22 g $CO_2(g)$ ઉત્પન્ન કરવા માટે જરૂરિયાત પડશે.

## ❍ પ્રક્રિયા સમીકરણનું સંતુલન :

$P_{4(s)} + 5O_{2(s)} \rightarrow P_4O_{10(s)}$ (સંતુલિત સમીકરણ)

♦ નીચે આપેલી પ્રક્રિયાઓ સમતુલિત નથી.

(i) $PbS + O_2 \rightarrow PbO + SO_2$

(ii) $Pb_3O_4 + 4HNO_3 \rightarrow Pb(NO_3)_2 + PbO_2 + H_2O$

(iii) $Ca_3(PO_4)_2 + H_2SO_4 \rightarrow Ca(H_2PO_4)_2 + CaSO_4$

(iv) $Cu_2S + O_2 \rightarrow Cu_2O + SO_2$

(v) $MnO_2 + KOH + O_2 \rightarrow 2K_2MnO_4 + H_2O$

(vi) $HgS + CaO \rightarrow Hg + CaSO_4 + CaS$

(vii) $Na_2CrO_4 + H^+ \rightarrow Na_2Cr_2O_7 + Na^{-1} + H_2O$

(viii) $Al_2O_3 + NaOH + H_2O \rightarrow Na[Al(OH)_4]$

→ આ પ્રક્રિયાઓને સંતુલિત કરતા નીચે પ્રમાણે લખી શકાય.

(i) $2PbS + 3O_2 \rightarrow 2PbO + 2SO_2$

(ii) $Pb_3O_4 + 4HNO_3 \rightarrow 2Pb(NO_3)_2 + PbO_2 + 2H_2O$

(iii) $Ca_3(PO_4)_2 + 2H_2SO_4 \rightarrow Ca(H_2PO_4)_2 + 2CaSO_4$

(iv) $2Cu_2S + 3O_2 \rightarrow 2Cu_2O + 2SO_2$

(v) $2MnO_2 + 4KOH + O_2 \rightarrow 2K_2MnO_4 + 2H_2O$

## ❍ Stoichiometric Calculation of Chemical Reaction :

→ દા.ત., મિથેનની દહન પ્રક્રિયાનું સમતુલિત સમીકરણ નીચે પ્રમાણે છે તો તત્વયોગમિતિ દ્વારા કઈ માહિતી પ્રાપ્ત થાય છે તે જાણીયે.

$$CH_{4(g)} + 2O_{2(g)} \rightarrow CO_{2(g)} + 2H_2O_{(g)}$$

| | $CH_4$ | $O_2$ | $CO_2$ | $H_2O$ |
|---|---|---|---|---|
| મોલ | એક મોલ | બે મોલ | એક મોલ | બે મોલ |
| અણુ | એક અણુ | બે અણુ | એક અણુ | બે અણુ |
| કદ | 22.4 લિ. | 2 × 22.4 લિ. = 44.8 લિ. | 22.4 લિ. | 2 × 22.4 લિ. = 44.8 લિ. |
| દળ | 16 ગ્રામ | 2 × 32 = 64 ગ્રામ | 44 ગ્રામ | 2 × 18 = 36 ગ્રામ |
| અણુની સંખ્યા | $6.022 \times 10^{23}$ | $2 \times 6.022 \times 10^{23}$ | $6.022 \times 10^{23}$ | $2 \times 6.022 \times 10^{23}$ |

Gyanmanjari Career Academy - Sample Copy

## ❍ સિમીત પ્રક્રિયક (Limiting Reagent) :

→ રાસાયણિક પ્રક્રિયા દરમ્યાન જે પ્રક્રિયકનું પ્રમાણ ઓછું હોય અને કેટલાક સમય પછી તે બીજા પ્રક્રિયકની સાપેક્ષમાં પહેલા વપરાય જાય જેથી પ્રક્રિયા આગળ વધતી નથી તો જે પહેલા વપરાઈ ગયેલો પ્રક્રિયક છે તેને સિમીત-મર્યાદીત પ્રક્રિયક કહે છે.

## ❍ વધુ માત્રા પ્રક્રિયક (Excess Reagent) :

→ રાસાયણિક પ્રક્રિયામાં પ્રક્રિયામાં જે વધારે માત્રામાં હોય એટલે કે પ્રક્રિયા માં વધે તેને વધુ માત્રા પ્રક્રિયક કહે છે.

**કોયડો :** 50 kg $N_2(g)$ અને 10 kg $H_2(g)$ ને $NH_3(g)$ મેળવવા માટે મિશ્ર કરવામાં આવ્યા. ઉત્પન્ન થયેલા $NH_3(g)$ ની ગણતરી કરો. આ પરિસ્થિતિમાં $NH_3(g)$ ના ઉત્પાદનમાં સીમિત પ્રક્રિયકને ઓળખી બતાવો.

**ઉકેલ :**

→ ઉપરની પ્રક્રિયા માટે સમતોલિત સમીકરણ નીચે પ્રમાણે લખી શકાય.

$$N_{2(g)} + 3H_{2(g)} \rightarrow 2NH_{3(g)}$$
$$28\text{ kg} \quad 6\text{ kg} \quad 34\text{ kg}$$

→ અહીં, $N_2 = 50$ kg, $H_2 = 10$ kg છે.

→ જો $N_{2(g)}$ 28 → $3H_{2(g)}$ 6 kg

50 kg → ?

$$\frac{500\times6}{28} = 10.71 \text{ kg}$$ થાય.

→ પરંતુ અહીં $H_2$ 10 kg જ છે માટે અહીં $H_2$ એ સીમીત પ્રક્રિયક છે.

6 kg ($H_2$) → 28 kg ($N_2$)

10 kg ($H_2$) → ?

$$\frac{10\times28}{6} = 46.7 \text{ kg}$$

28 kg ($N_2$) → 34 kg ($NH_3$) મળે.

46.7 kg ($N_2$) → ?

$$\frac{34\times46.7}{28} = 56.7 \text{ kg } NH_3$$ મળે.

## ❍ દ્રાવણમાં થતી પ્રક્રિયાઓની તત્વયોગમિતિ :

→ **દ્રાવણ = દ્રાવ્ય + દ્રાવક**

→ દ્રાવણમાં જેનો જથ્થો (મોલ) વધારે હોય તેને દ્રાવક કહે છે. જ્યારે જેનો જથ્થો ઓછો હોય તેને દ્રાવ્ય કહે છે.

→ **સાંદ્રતા :-**

→ એકમ કદના દ્રાવણમાં અથવા એકમ વજનના દ્રાવણમાં ઓગાળેલા દ્રાવ્યના જથ્થાને દ્રાવણની સાંદ્રતા કહે છે.

## ❒ મોલારીટી (M) :

$$\text{મોલારીટી} = \frac{\text{દ્રાવ્યનું દળ ગ્રામમાં} \times 1000}{\text{દ્રાવ્યનું આણ્વીય દળ} \times \text{દ્રાવણનું કદ મિલિમાં}}$$

$$= \frac{W_g \times 1000}{M \times V_{ml}}$$

$$\text{મોલારીટી} = \frac{\text{દ્રાવ્યનું દળ (ગ્રામમાં)}}{\text{દ્રાવ્યનું આણ્વીય દળ} \times \text{દ્રાવણનું કદ લીટરમા}}.$$

$$\text{મોલારીટી} = \frac{\text{મો લ}}{\text{લીટર}} = \frac{\text{ગ્રામ/લીટર}}{\text{દ્રાવ્યનું આણ્વીય દળ}}$$

મોલારીટી : ''1000 ml દ્રાવણમાં ઓગાળેલા દ્રાવ્યના મોલની સંખ્યા એટલે તે દ્રાવણની મોલારીટી''

→ મિશ્ર દ્રાવણની મોલારીટી : $M_1V_1 + M_2V_2 = M(V_1 + V_2)$

→ મંદન સમયે મોલારીટી : $M_1V_1 = M_2V_2$

**Key Point :**

→ **રસાયણ વિજ્ઞાનની પ્રયોગશાળામાં સામાન્ય રીતે જરૂરી સાંદ્રતાવાળું દ્રાવણ વધુ સાંદ્ર દ્રાવણનું મંદન કરીને મેળવાય છે. આવા વધુ સાંદ્ર દ્રાવણને સ્ટોક દ્રાવણ કહે છે.**

**Key Point :**

→ **દ્રાવણની મોલારિટી તાપમાન આધારિત છે, એટલે કે તાપમાનમાં ફેરફાર થતાં બદલાય છે. કારણ કે તાપમાનના ફેરફારથી દ્રાવણના કદમાં ફેરફાર થાય છે.**

**દાખલો 1 :** 4 g NaOHને પૂરતા પાણીમાં દ્રાવ્ય કરીને 250 mL દ્રાવણ બનાવેલ છે. આ દ્રાવણની મોલારિટી ગણો.

**ઉકેલ :**

→ મોલારિટી(M) =

$$\text{મોલારીટી} = \frac{\text{મો લ}}{\text{લીટર}} = \frac{\text{ગ્રામ/લીટર}}{\text{દ્રાવ્યનું આણ્વીય દળ}}$$

$$= \frac{4g/40g}{0.250} = \frac{0.1}{0.250}$$

$$= 0.4 \text{mol L}^{-1} = 0.4\text{M}$$

→ એ નોંધશો કે તાપમાનના ફેરફાર સાથે મોલારિટી બદલાશે કારણ કે દ્રાવણનું કદ તાપમાન આધારિત છે.

**દાખલો 2 :** 5 લિટર જલીય દ્રાવણમાં 4 ગ્રામ NaOH ઓગાળેલ હોય તો બનતા દ્રાવણની મોલારિટી શોધો.

**ઉકેલ :**

→ NaOH નું આણ્વિય દળ = 40 ગ્રામમોલ$^{-1}$

→ દ્રાવ્ય NaOH નું વજન = 4 ગ્રામ

→ દ્રાવણનું કદ = 5 લિટર

મોલારિટી(M) =

$$\text{મોલારીટી} = \frac{\text{મો લ}}{\text{લીટર}} = \frac{\text{ગ્રામ/લીટર}}{\text{દ્રાવ્યનું આણ્વીય દળ}}$$

$$= \frac{4}{40\times5} = 0.02\text{M}$$

Gyanmanjari Career Academy Sample Copy

## ❍ નોર્માલીટી (N) :

$$\text{નોર્માલીટી} = \frac{\text{દ્રાવ્યનું દળ ગ્રામમાં} \times 1000}{\text{દ્રાવ્યનું તુલ્ય દળ} \times \text{દ્રાવણનું કદ મિલિમાં}}$$

$$\text{નોર્માલીટી} = \frac{\text{દ્રાવ્યનું દળ (ગ્રામમાં)}}{\text{દ્રાવ્યનું તુલ્ય દળ} \times \text{દ્રાવણનું કદ (લીટરમાં)}}$$

$$\text{નોર્માલીટી} = \frac{\text{ગ્રામ-તુલ્યાંક}}{\text{લીટર}} = \frac{\text{ગ્રામ/લીટર}}{\text{દ્રાવ્યનું તુલ્ય દળ}}$$

**નોર્માલીટી :** "1000 દ્રાવણમાં ઓગાળેલા દ્રાવ્યના ગ્રામ-તુલ્યાંકની સંખ્યા એટલે તે દ્રાવણની નોર્માલીટી (સપ્રમાણતા)"

મંદન સમયે નોર્માલીટી : $N_1V_1=N_2V_2$

મિશ્રણની નોર્માલીટી : $N_1V_1+N_2V_2= [N(V_1 + V_2)]$

**(A)** **એસીડનું તુલ્યદળ** $= \frac{\text{એસીડનું આણ્વીયદળ}}{\text{(એસીડની) બેઝીકતા}}$

એસીડના એક અણુમાં સ્થાનાંતર કરતા હાઈડ્રોજન પરમાણુ ($H^+$/$H_3O^+$)ની સંખ્યા એટલે જે તે એસીડની બેઈઝીકતા

| એસિડ | બેઝીકતા | આણ્વીયદળ | તુલ્યદળ |
|---|---|---|---|
| $HNO_3$ | 1 | 63 | $\frac{63}{1} = 63$ |
| HCl | 1 | 36.5 | $\frac{36.5}{1} = 36.5$ |
| $CH_3COOH$ | 1 | 60 | $\frac{60}{1} = 60$ |
| $H_3PO_2$ | 1 | 66 | $\frac{66}{1} = 66$ |
| $H_2SO_4$ | 2 | 98 | $\frac{98}{2} = 49$ |
| COOH-COOH $2H_2O$ | 2 | 98 | $\frac{126}{2} = 63$ |
| $H_3PO_3$ | 2 | 82 | $\frac{82}{2} = 41$ |
| $H_3PO_4$ | 3 | 98 | $\frac{98}{3} = 32.67$ |

**(B)** **બેઈઝનું તુલ્યદળ** $= \frac{\text{બેઈઝનું તુલ્યદળ}}{\text{(બેઈઝની) એસીડીકતા}}$

→ બેઈઝના એક અણુમાં સ્થાનાંતર કરતા $OH^-$ આયનની સંખ્યાને એટલે જે તે બેઈઝની એસીડીકતા

| બેઈઝ | એસિડીકતા | આણ્વીયદળ | તુલ્યદળ |
|---|---|---|---|
| NaOH | 1 | 40 | 40/1 = 40 |
| KOH | 1 | 56 | 56/1 = 56 |
| $Ca(OH)_2$ | 2 | 74 | 74/2 = 37 |
| $NH_3OH$ | 1 | 35 | 35/1 = 35 |

**(C)** **ક્ષારનો તુલ્યભાર** $= \frac{\text{ક્ષારનો આણ્વીયદળ / સુત્રભાર}}{\text{કુલ ધન/ઋણ આયનનો ભાર}}$

| ક્ષાર | ચાર્જ | તુલ્યદળ |
|---|---|---|
| NaCl | 1 | આણ્વીય દળ / 1 |
| $CaCl_2$ | 2 | આણ્વીય દળ / 2 |
| $Ca_3(PO_4)_2$ | 6 | આણ્વીય દળ / 6 |
| $AlCl_3$ | 3 | આણ્વીય દળ / 3 |

**(D,E) રીડક્શન / ઓક્સીડેશન કર્તાનો તુલ્યભાર** =

$$\frac{\text{સુત્રભાર}}{\text{પ્રત્યેક અણુએ ગુમાવેલા/મેળવેલા ઈલેક્ટ્રોનની સંખ્યા}}$$

ઉ.દા.

(i) CuOમાં Cu નો તુલ્યભાર $= \frac{\text{પરમાણુભાર}}{\text{સંયોજકતા}}$

$$= \frac{63.5}{2} = 31.75gm$$

(ii) NaCl નો તુલ્યભાર $= \frac{\text{અણુભાર}}{\text{ધન / ઋણ વિજભાર}} = \frac{58.5}{1} = 58.5g$

### (1) $KMnO_4$ નો તુલ્યભાર

### (a) એસીડીક માધ્યમમાં

$$MnO_4^{-1} + 8H^+ + 5e^- \rightarrow Mn^{+2} + 4H_2O$$

ઈલે.નો ફેરફાર 5 છે

ગ્રામ તુલ્યભાર $= \frac{KMnO_4 \text{ આ.દળ}}{5} = \frac{158}{5} = 31.6$

### (b) પ્રબળ બેઈઝીક માધ્યમમાં

$$MnO_4^{-2} + e^- \rightarrow MnO_4^{-2}$$

ગ્રામ તુલ્યભાર $= \frac{KMnO_4 \text{ નો આ.દળ}}{1} = \frac{158}{1} = 158g$

### (c) તટસ્થ માધ્યમમાં/નિર્બળ બેઈઝ

$$MnO_4^- + 2H_2O + 3e^- \rightarrow MnO_2 + 4OH^-$$

ગ્રામ તુલ્યભાર $= \frac{KMnO_4 \text{ નો આ.દળ}}{3} = \frac{158}{3} = 52.66g$

Gyanmanjari Career Academy - Sample Copy

**(2) $K_2Cr_2O_7$ નો તુલ્યભાર :**

$$Cr_2O_7^{-2} + 8H^+ + 6e^- \rightarrow 2Cr^{+3} + 4H_2O$$

$$\text{તુલ્યભાર } K_2Cr_2O_7 = \frac{\text{આ.દળ}}{6} = \frac{294}{6} = 49$$

$$\text{તત્વનો તુલ્યભાર} = \frac{\text{તત્વનો આ.દળ}}{\text{સંયોજકતા}}$$

$$\text{આયન/મૂલક(Radical)નો તુલ્યભાર} = \frac{\text{સુત્રદળ}}{\text{ઋણ / ધનભાર}}$$

**(3) એસીડમય ક્ષારનો તુલ્યભાર**

$$\text{એસીડમય ક્ષારનો તુલ્યભાર} = \frac{\text{એસીડીક ક્ષારનો આ.દળ}}{\text{સ્થાનાંતરીત Hની સંખ્યા}}$$

$$NaHCO_3 \text{ તુલ્યભાર} = \frac{NaHCO_3 \text{ આ.દળ}}{1}$$

$$NaHSO_4 \text{ તુલ્યભાર} = \frac{NaHSO_4 \text{ આ.દળ}}{1}$$

**દાખલો :**

73 ગ્રામ હાઈડ્રોક્લોરિક એસિડને પાણીમાં ઓગાળી દ્રાવણ 500 મિલિ બનાવવામાં આવ્યું. આ દ્રાવણની સપ્રમાણતા (નોર્માલિટી) ગણો.

**ઉકેલ :**

→ HCl નું આણ્વિય દળ = 36.5 ગ્રામમોલ$^{-1}$
આણ્વિય દળ અને તુલ્યદળ સમાન છે.

→ HCl નું તુલ્યદળ = 36.5 ગ્રામ તુલ્ય$^{-1}$
દ્રાવણનું કદ 500 મિલિ = 0.5 લિટર

→ દ્રાવ્ય HCl નું વજન = 73 ગ્રામ

$$\text{નોર્માલિટી} = \frac{73}{36.5 \times 0.5} = 4N$$

| | |
|---|---|
| 1M | મોલર દ્રાવણ |
| 0.5 M or M/2 | સેમીમોલર |
| 0.1 M or M/10 | ડેસીમોલર |
| 0.01 M or M/100 | સેન્ટીમોલર |
| 0.001 M or M/1000 | મિલીમોલર |

| | |
|---|---|
| 1N | સામાન્ય દ્રાવણ |
| 0.5 N or N/2 | સેમીમોલર |
| 0.1 N or N/10 | ડેસીમોલર |
| 0.01 N or N/100 | સેન્ટીમોલર |
| 0.001 N or N/1000 | મિલીમોલર |

**❍ મોલાલીટી (m) :**

→ મોલાલીટી : "1000 ગ્રામ દ્રાવકમાં ઓગાળેલા દ્રાવ્યના મોલની સંખ્યા એટલે તે દ્રાવણની મોલાલીટી"

$$\text{મોલાલીટી} = \frac{\text{દ્રાવ્યનું દળ (ગ્રામમાં)} \times 1000}{\text{દ્રાવ્યનું આણ્વીય દળ} \times \text{દ્રાવકનું દળ (ગ્રામમાં)}}$$

$$\text{મોલાલીટી} = \frac{\text{દ્રાવ્યનું દળ (ગ્રામમાં)}}{\text{દ્રાવ્યનું આણ્વીય દળ} \times \text{દ્રાવકનું દળ (કિલો ગ્રામમાં)}}$$

**કોયડો :** 3 M NaCl દ્રાવણની ઘનતા 1.25 gmL$^{-1}$ છે. દ્રાવણની મોલાલિટી ગણો.

**ઉકેલ :** $M = 3.0 \text{ mol L}^{-1}$

1 L દ્રાવણમાં NaClનું દળ $= 3 \times 58.5 = 175.5\,g$

1 L દ્રાવણનું દળ $= 1000 \times 1.25 = 1250\,g$

(કારણ કે ઘનતા 1.25 gmL$^{-1}$ અને ઘનતા $= \frac{\text{દળ}}{\text{કદ}}$)

દ્રાવણમાં પાણીનું દળ = 1250 – 175.5 g

**❍ મોલ અંશ (x) :**

$$\text{ઘટકના મોલ અંશ} = \frac{\text{ઘટકના મોલ}}{\text{દ્રાવણના કુલ મોલ}}$$

A અને B ઘટકોમાંથી બનેલા દ્રાવણમાં

$$\text{A ના મોલ અંશ } X_A = \frac{n_A}{n_A + n_B}$$

$$\text{B ના મોલ અંશ } X_A = \frac{n_A}{n_A + n_B}$$

**દાખલો :** 180 ગ્રામ પાણીમાં 4 ગ્રામ NaOH ઓગાળવાથી બનતા દ્રાવણમાં દ્રાવ્ય NaOH અને પાણીના મોલ અંશ ગણો.

**ઉકેલ :** દ્રાવ્ય NaOH નું આણ્વિય દળ = 40 ગ્રામ મોલ$^{-1}$

$$\text{દ્રાવ્ય NaOH ના મોલ} = \frac{\text{વજન}}{\text{આણ્વીયદળ}} = \frac{4}{40} = 0.1$$

$$\text{દ્રાવક પાણીના મોલ} = \frac{\text{વજન}}{\text{આણ્વીયદળ}} = \frac{180}{18} = 10$$

કુલ મોલ = 0.1 +10 મોલ = 10.1 મોલ

$$\text{NaOH મોલ અંશ} = \frac{\text{ઘટકના મોલ}}{\text{દ્રાવણના કુલ મોલ}} = 0.0099$$

$$\text{પાણીના મોલ અંશ} = \frac{10}{10.1} = 0.990$$

Gyanmanjari Career Academy - Sample Copy

## % $\frac{W}{V}$ :

% $\frac{W}{V}$: "100 mL દ્રાવણમાં રહેલા દ્રાવ્યનું ગ્રામમાં દળ એટલે કે દ્રાવણના કદથી ટકા"

$$\% \frac{W}{V} = \frac{100 \times \text{દ્રાવ્યનું દળ}}{\text{દ્રાવણનું કદ (mLમાં)}}$$

## % $\frac{W}{W}$ :

% $\frac{W}{W}$: "100 gm દ્રાવણમાં રહેલા દ્રાવ્યનું ગ્રામમાં દળ એટલે કે દ્રાવણના વજનથી ટકા"

$$= \frac{100 \times \text{દ્રાવ્યનું દળ}}{\text{દ્રાવણનું દળ (ગ્રામમાં)}}$$

→ દ્રાવણનું દળ = દ્રાવ્યનું દળ + દ્રાવકનું દળ

→ તાપમાન બદલાતાં દળ ટકાવારીનું મૂલ્ય બદલાતું નથી.

## % $\frac{V}{V}$ :

→ % $\frac{V}{V}$: 100 mL દ્રાવણમાં રહેલા દ્રાવ્યનું કદ mL માં એટલે કે દ્રાવણના કદ થી ટકા

$$\% \frac{V}{V} = \frac{100 \times \text{દ્રાવ્યનું કદ (mLમાં)}}{\text{દ્રાવણનું કદ (mLમાં)}}$$

**મોલ અંશ અને મોલાલિટી વચ્ચેનો સંબંધ**

$$M = \frac{X_A \times 1000}{X_B \times M_B}$$

$$X_A = \frac{m \times \text{દ્રાવકનો અણુભાર}}{1+mx}$$ અથવા

$$X_2 = \frac{m\,M_1}{1+m\,M_1}$$

$M_1$=દ્રાવકનું આણ્વીય દળ

$$m = \frac{X_B \times 1000}{X_A \times m_A}$$

$$m = \frac{w_B \times 1000}{m_A \times w_A}$$

$$m = \frac{X_B \times 1000}{(1-X_B)m_A}$$

$X_A$ = દ્રાવકના મોલ અંશ
$X_B$ = દ્રાવ્યના મોલ અંશ
m = મોલાલીટી
$m_B$ = દ્રાવ્યનો અણુભાર
$m_A$ = દ્રાવ્યનો અણુભાર

**મોલાલીટી (m), મોલારીટી (M) અને દ્રાવણની ઘનતા વચ્ચેનો સંબંધ**

$$\text{મોલાલીટી, } m = \frac{M}{1000d - MM_2} \times 1000$$

**$M_2$**= દ્રાવ્યનો અણુભાર

$$\frac{1}{m} = \frac{d}{M} - \frac{mB}{1000}$$

જ્યાં d = દ્રાવણની ઘનતા
m = મોલાલીટી

**દ્રાવ્યનો મોલઅંશ ($x_2$), અને દ્રાવણની મોલારીટી M વચ્ચેનો સંબંધ**

$$X_2 = \frac{MM_1}{M(M_1 - M_2) + d}$$

**જ્યાં $M_1$ અને $M_2$ અનુક્રમે દ્રાવક અને દ્રાવ્યના અણુભાર છે. દ્રાવણની ઘનતા d છે.**

$$M = \frac{X_B \times 1000 \times d}{X_A m_A + X_B m_B}$$

જ્યાં,
$M_1$ = દ્રાવકનો આણ્વીયદળ
$M_2$ = દ્રાવ્યનો આણ્વીયદળ
d = દ્રાવણની ઘનતા
$X_B$ = દ્રાવ્યના મોલ અંશ
$X_A$ = દ્રાવકના મોલ અંશ

**નોર્માલિટી અને મોલારીટી વચ્ચેનો સંબંધ**

મોલારિટી × અણુભાર = દ્રાવણની ક્ષમતા (g/L)
નોર્માલિટી × તુલ્યભાર = દ્રાવણની ક્ષમતા (g/L)
તેથી, મોલારિટી × અણુભાર = નોર્માલિટી × તુલ્યભાર

$$\text{અથવા } \frac{\text{નોર્માલીટી}}{\text{મોલારીટી}} = \frac{\text{અણુભાર}}{\text{તુલ્યભાર}} = n$$

તેથી, નોર્માલીટી = n × મોલારીટી

$$N = \frac{x \times d \times 10}{\text{દ્રાવ્યનો તુલ્યભાર}}$$

d = દ્રાવણની ઘનતા
x = દ્રાવણના % દળથી
N = નોર્માલીટી

Gyanmanjari Career Academy - Sample Copy

**કેટલાક વધારાના સુત્રો :**

$$M = \frac{x \times d \times 10}{m_B}$$

M = મોલારીટી
d = દ્રાવણની ઘનતા
x = % દ્રાવ્યના દળથી
$m_B$ = દ્રાવકનું આણ્વીય દળ

$$\%\frac{W}{V} = \frac{\text{મોલારીટી} \times \text{દ્રાવ્યનો અણુભાર}}{10}$$

$$M = \frac{10 \times \frac{W}{V}\%}{\text{દ્રાવ્યનો અણુભાર}}$$

$$M = \frac{10 \times \frac{W}{W}\% \times d}{\text{દ્રાવ્યનો અણુભાર}}$$

$$N = \frac{10 \times \frac{W}{V}\%}{\text{દ્રાવ્યનો તુલ્યભાર}}$$

$$N = \frac{10 \times d \times \frac{W}{W}\%}{\text{દ્રાવ્યનો તુલ્યભાર}}$$

$$d = M\left[\frac{1}{m} + \frac{\text{આ.દળ}}{1000}\right]$$

M = મોલારીટી
m = મોલાલીટી
d = ઘનતા

### Extra For JEE/NEET

**તુલ્યભાર માપન માટેની પદ્ધતિઓ :**

**1. હાઈડ્રોજન સ્થાનાંતર પદ્ધતિ (Hydrogen Displacement Method) :**

→ ધાતુના જે દળ મારફતે સામાન્ય તાપમાને અને દબાણે 11200 ml હાઈડ્રોજનનું સ્થાનાંતર થાય તે દળને ધાતુનો તુલ્યભાર કહે છે.

$$\text{ધાતુનો તુલ્યભાર} = \frac{\text{ધાતુનું દળ}}{\text{સ્થાનાંતર પામેલ } H_2 \text{નું દળ}} \times 1.008$$

$$\text{ધાતુનો તુલ્યભાર} = \frac{\text{ધાતુનું દળ}}{\text{STP સ્થાનાંતર પામેલ } H_2 \text{નું દળ}} \times 11200$$

**2. ઓક્સાઈડ નિર્માણ માટેની પદ્ધતિ (Oxide Formation Method) :**

→ ઓક્સિજનના 8 ગ્રામ દળ સાથે જોડાતી ધાતુનું દળ એટલે ધાતુનો તુલ્યભાર.

$$\text{ધાતુનો તુલ્યભાર} = \frac{\text{ધાતુનું દળ} \times 8}{\text{ઓક્સિજનનું દળ}}$$

$$\text{ધાતુનો તુલ્યભાર} = \frac{\text{ધાતુનું દળ} \times 5600}{\text{STP એ } O_2 \text{નું કદ (ml)}}$$

**3. ક્લોરાઈડ નિર્માણ પદ્ધતિ (Chloride Formation Method) :**

ક્લોરીનના 35.5 ગ્રામ દળ સાથે જોડાતી ધાતુનું દળ એટલે તે ધાતુને તુલ્યભાર.

$$\text{ધાતુનો તુલ્યભાર} = \frac{\text{ધાતુનું દળ}}{\text{ક્લોરાઈડનું દળ}} \times 35.5$$

$$\text{ધાતુનો તુલ્યભાર} = \frac{\text{ધાતુનું દળ}}{\text{STP એ } Cl_2 \text{નું કદ (ml)}} \times 11200$$

**NOTES**

Gyanmanjari Career Academy - Sample Copy

## EXTRA EXAMPLES

■ **હેલોજનનું ભારાત્મક પરિમાપન :**

→ હેલોજનનું ભારાત્મક પરિમાપન કેરિયસ પદ્ધતિ દ્વારા કરવામાં આવે છે. તેમાં ચોક્કસ વજનના $W_1$ ગ્રામ કાર્બનિક પદાર્થને કેરિયસ નળીમાં લઇ પ્રયોગ કરતાં પ્રયોગના અંતે બનેલા સિલ્વર હેલાઇડના $W_2$ ગ્રામ અવક્ષેપ પ્રાપ્ત થાય છે. તેના પરથી કાર્બનિક પદાર્થમાં રહેલા હેલોજનના ટકા નીચે પ્રમાણે શોધી શકાય છે.

સિલ્વર હેલાઇડના $W_2$ ગ્રામમાં હેલોજનનું વજન $= \left[\frac{Y \times W_2}{X}\right]$ ગ્રામ

જ્યાં, X= સિલ્વર હેલાઇડનો અણુભાર; Y= હેલાઇડનો અણુભાર

$\therefore$ હેલોજનના ટકા $\left[\frac{Y \times W_2 \times 100}{X \times W_1}\right]$

અહીં

☛ ક્લોરિનના % $= \frac{35.5 \times W_2 \times 100}{143.5 \times W_1}$ $\left[\begin{array}{l}\text{જ્યા, } W_1 = \text{પદાર્થનું વજન} \\ W_2 = AgCl \text{ નું વજન}\end{array}\right]$

☛ બ્રોમિનના % $= \frac{80 \times W_2 \times 100}{188 \times W_1}$ $\left[\begin{array}{l}\text{જ્યા, } W_1 = \text{પદાર્થનું વજન} \\ W_2 = AgBr \text{ નું વજન}\end{array}\right]$

☛ આયોડિનના % $= \frac{127 \times W_2 \times 100}{235 \times W_1}$ $\left[\begin{array}{l}\text{જ્યા, } W_1 = \text{પદાર્થનું વજન} \\ W_2 = AgI \text{ નું વજન}\end{array}\right]$

6. 0.284 ગ્રામ કાર્બનિક સંયોજન કેરિયસ પદ્ધતિથી 0.287 ગ્રામ સિલ્વર ક્લોરાઇડ આપે છે. સંયોજનમાં રહેલાં ક્લોરિનના ટકા ગણો.

અહીં, પદાર્થનું વજન $W_1 = 0.284$ ગ્રામ

$AgCl$ નું વજન $W_2 = 0.287$ ગ્રામ

આથી, સંયોજનમાં રહેલા ક્લોરિનના ટકા $= \frac{35.5 \times W_2 \times 100}{143.5 \times W_1}$

$= \frac{35.5 \times 0.287 \times 100}{143.5 \times 0.284} = 25.00\%$ જવાબ

7. 0.207 ગ્રામ કાર્બનિક સંયોજન કેરીયસ પદ્ધતિથી 0.282 ગ્રામ સિલ્વર બ્રોમાઇડ આપે છે. સંયોજનમાં રહેલાં બ્રોમિનના ટકા નક્કી કરો.

અહી, પદાર્થનું વજન $W_1 = 0.207$ ગ્રામ

$AgBr$ નું વજન $W_2 = 0.282$ ગ્રામ

આથી, સંયોજનમાં રહેલા ક્લોરિનના ટકા $= \frac{80 \times W_2 \times 100}{188 \times W_1}$

$= \frac{80 \times 0.287 \times 100}{188 \times 0.207} = 57.95\%$ જવાબ

8. આયોડિન ધરાવતા 0.394 ગ્રામ કાર્બનિક સંયોજન કેરિયસ પદ્ધતિથી 0.705 ગ્રામ સિલ્વર આયોડાઇડ આપે છે. સંયોજનમાં રહેલા આયોડિનના ટકા ગણો.

અહીં, પદાર્થનું વજન $W_1 = 0.394$ ગ્રામ

$AgI$ નું વજન $W_2 = 0.705$ ગ્રામ

આથી, સંયોજનમાં રહેલા આયોડિનના ટકા $= \frac{127 \times W_2 \times 100}{235 \times W_1}$

$= \frac{127 \times 0.705 \times 100}{235 \times 0.394} = 96.70$ જવાબ

■ **સલ્ફર અને ફોસ્ફરસનું ભારાત્મક પરિમાપન :** સલ્ફર અને ફોસ્ફરસનું ભારાત્મક પરિમાપન કેરિયસ પદ્ધતિ દ્વારા કરવામાં આવે છે.

[A] પ્રયોગ દરમિયાન W ગ્રામ કાર્બનિક પદાર્થ લઇ પ્રયોગનાં અંતે $W_1$ ગ્રામ બેરિયમ સલ્ફેટ ($BaSO_4$) નાં અવક્ષેપ પ્રાપ્ત થાય છે. તેના પરથી કાર્બનિક પદાર્થમાં રહેલાં સલ્ફરનાં ટકા નીચે પ્રમાણે શોધી શકાય છે.

$BaSO_4$ માં સલ્ફરનું વજન $= \left[\frac{32 \times W_1}{233}\right]$ ગ્રામ

$\therefore$ સલ્ફરના ટકા $\left[\frac{32 \times W_1 \times 100}{233}\right]$

(B) ચોક્કસ વજનના W ગ્રામ કાર્બનિક પદાર્થને કેરિયસ નળીમાં લઇ પ્રયોગ કરતાં પ્રયોગના અંતે બનતા મેગ્નેશિયમ પાયરો ફોસ્ફેટ ($Mg_2P_2O_7$) નું વજન $W_1$ ગ્રામ પ્રાપ્ત થાય છે. તેના પરથી કાર્બનિક પદાર્થમાં રહેલા ફોસ્ફરસના ટકા નીચે પ્રમાણે શોધી શકાય છે.

$Mg_2P_2O_7$ ના $W_1$ ગ્રામમાં ફોસ્ફરસનું વજન $= \left[\frac{62 \times W_1}{222}\right]$ ગ્રામ

$\therefore$ ફોસ્ફરસના ટકા $= \left[\frac{62 \times W_1 \times 100}{222 \times W}\right]$

Gyanmanjari Career Academy - Sample Copy

9. સલ્ફર ધરાવતા 0.128 ગ્રામ કાર્બનિક સંયોજન કેરિયસ પદ્ધતિથી 0.1167 ગ્રામ બેરિયમ સલ્ફેટ ($BaSO_4$) આપે છે તો સંયોજનમાં રહેલા સલ્ફરના ટકા શોધો.

અહીં, પદાર્થનું વજન $W = 0.128$ ગ્રામ

$W_1 = 0.1167$ ગ્રામ

તેથી, સંયોજનમાં સલ્ફરના ટકા $= \dfrac{32 \times W_1 \times 100}{233 \times W}$

$= \dfrac{32 \times 0.1167 \times 100}{233 \times 0.128} = 12.53\%$ જવાબ

10. કેરિયસ પદ્ધતિથી 0.325 ગ્રામ કાર્બનિક પદાર્થમાંથી 0.401 ગ્રામ $Mg_2P_2O_7$ મળે છે. તો કાર્બનિક પદાર્થમાં રહેલાં ફોસ્ફરસનું પ્રતિશત પ્રમાણ શોધો.

અહીં, કાર્બનિક પદાર્થનું વજન $W = 0.325$ ગ્રામ

$Mg_2P_2O_7$ નું વજન $W = 0.401$ ગ્રામ

તેથી, સંયોજનમાં રહેલા ફોસ્ફરસના ટકા $= \dfrac{62 \times W_1 \times 100}{222 \times W}$

$= \dfrac{62 \times 0.401 \times 100}{222 \times 0.325} = 34.45\%$ જવાબ

11. એક કાર્બનિક પદાર્થમાં C = 61% અને H=11.88% છે. તેનું પ્રમાણસૂચક ગણો.

→ અહીં, કાર્બન અને હાઇડ્રોજનના ટકાનો સરવાળો 100 થતો નથી માટે સંયોજનમાં ઓક્સિજન હાજર હોવો જોઇએ.

$\therefore$ ઓક્સિજન (O) ના ટકા $= 100 - (61 + 11.88) = 100 - 72.88 = 27.12$

પદાર્થનું પ્રમાણસૂચક સૂત્ર નીચે પ્રમાણે ગણી શકાય છે :

| તત્ત્વ | પરમાણુભાર | ટકા | પરમાણુ સંખ્યા | સાદોગુણોત્તર | પૂર્ણાંક સંખ્યા |
|---|---|---|---|---|---|
| C | 12 | 61.0% | $\frac{61.0}{12}=5.08$ | $\frac{5.08}{1.7}=2.99$ | 3 |
| H | 1 | 11.88% | $\frac{11.88}{1}=11.88$ | $\frac{11.88}{1}=6.99$ | 7 |
| O | 16 | 27.12% | $\frac{27.12}{16}=1.7$ | $\frac{1.7}{1.7}=1$ | 1 |

$\therefore$ કાર્બનિક પદાર્થનું પ્રમાણ સૂચક સૂત્ર $C_3H_7O$ થશે.

12. કાર્બનિક પદાર્થમાં કાર્બન, હાઇડ્રોજન અને નાઇટ્રોજનનું ટકાવારી પ્રમાણ અનુક્રમે 62.07, 10.34 અને 14.00 હોય, તો તેનું પ્રમાણસૂચક સૂત્ર શોધો.

→ અહીં બધા જ તત્ત્વોના ટકાનો સરવાળો 100 થતો નથી. માટે સંયોજનમાં ઓક્સિજન હાજર હોવો જોઇએ.

$\therefore$ ઓક્સિજનના % $= 100 - (62.07 + 10.34 + 14.00) = 100 - 86.41 = 13.59$

| તત્ત્વ | પરમાણુભાર | ટકા | પરમાણુ સંખ્યા | સાદોગુણોત્તર | પૂર્ણાંક સંખ્યા |
|---|---|---|---|---|---|
| C | 12 | 62.07% | $\frac{62.07}{12}=5.17$ | $\frac{5.17}{0.85}=6.08$ | 6 |
| H | 1 | 10.34% | $\frac{10.34}{1}=10.34$ | $\frac{10.34}{0.85}=12.2$ | 12 |
| N | 14 | 14.00% | $\frac{14.00}{14}=1.0$ | $\frac{1.00}{0.85}=1.18$ | 1 |
| O | 16 | 13.59% | $\frac{13.59}{16}=0.85$ | $\frac{0.85}{0.85}=1.0$ | 1 |

$\therefore$ કાર્બનિક પદાર્થનું પ્રમાણ સૂચક સૂત્ર $= C_6H_{12}NO$ થશે.

13. એક કાર્બનિક પદાર્થના 0.152 ગ્રામ વજનને દહન કરવાથી 0.304 ગ્રામ $CO_2$ અને 0.124 ગ્રામ $H_2O$ મળે છે. કાર્બનિક પદાર્થની બાષ્પઘનતા 44 છે, તો તેનું અણુસૂત્ર શોધો.

અહીં, કાર્બનિક પદાર્થનું વજન $W = 0.152$ ગ્રામ; $CO_2$ નું વજન $W_1 = 0.304$ ગ્રામ; $H_2O$ નું વજન $W_2 = 0.124$ ગ્રામ

આથી, કાર્બનિક પદાર્થમાં કાર્બનના ટકા $= \dfrac{12 \times W_1 \times 100}{44 \times W} = \dfrac{12 \times 0.304 \times 100}{44 \times 0.152} = \mathbf{54.55\%}$

અને, કાર્બનિક પદાર્થમાં હાઇડ્રોજનના ટકા $= \dfrac{2 \times W_2 \times 100}{18 \times W} = \dfrac{2 \times 0.124 \times 100}{18 \times 0.152} = \mathbf{9.06\%}$

Gyanmanjari Career Academy - Sample Copy

અહીં, કાર્બન અને હાઇડ્રોજનના ટકાનો સરવાળો 100 થતો નથી માટે સંયોજનમાં ઓક્સિજન હાજર હોવો જોઇએ.

$\therefore$ ઓક્સિજનના ટકા = 100 –(54.55 + 9.06) = 100 – 63.61= 36.39%

પદાર્થનું પ્રમાણ સૂચક સૂત્ર નીચે પ્રમાણે ગણી શકાશે.

| તત્વ | પરમાણુભાર | ટકા | પરમાણુ સંખ્યા | સાદોગુણોત્તર | પૂર્ણાંક સંખ્યા |
|---|---|---|---|---|---|
| C | 12 | 54.55 | $\frac{54.55}{12} = 4.55$ | $\frac{4.55}{2.27} = 2.00$ | 2 |
| H | 1 | 9.06 | $\frac{9.06}{1} = 9.06$ | $\frac{9.06}{2.27} = 3.99$ | 4 |
| O | 16 | 36.39 | $\frac{36.39}{16} = 2.27$ | $\frac{2.27}{2.27} = 1$ | 1 |

$\therefore$ કાર્બનિક પદાર્થનું પ્રમાણ સૂચક સૂત્ર = $C_2H_4O$ થશે.

પ્રમાણ સૂચક સૂત્ર પ્રમાણેનું વજન = (2 × 12) + (4 × 1) + (16 × 1) = 24 + 4 + 1 = 44 ગ્રામ

અણુભાર = 2 × બાષ્પઘનતા = 2×44 = **88** ગ્રામ/મોલ

હવે, $n = \left(\frac{\text{અણુભાર}}{\text{પ્રમાણસૂચક સૂત્રનું વજન}}\right)$ $\quad \therefore n = \frac{88}{44} = 2$

$\therefore$ અણુસૂત્ર = n × પ્રમાણ સૂચક સુત્ર = 2 × $C_2H_4O$ = $\mathbf{C_4H_8O_2}$ જવાબ

14. 0.29 ગ્રામ કાર્બનિક પદાર્થના દહનથી 0.27 ગ્રામ $H_2O$ અને 0.66 ગ્રામ $CO_2$ ઉત્પન્ન થાય, તો તેનું અણુસૂત્ર શોધો. કાર્બનિક પદાર્થની બાષ્પઘનતા 29 છે.

અહીં, કાર્બનિક પદાર્થનું વજન W = 0.29 ગ્રામ; $CO_2$ નું વજન $W_1$= 0.66 ગ્રામ; $H_2O$ નું વજન $W_2$= 0.27 ગ્રામ

આથી, કાર્બનિક પદાર્થમાં કાર્બનના ટકા $= \frac{12\times W_1\times 100}{44\times W} = \frac{12\times 0.66\times 100}{44\times 0.29} = \mathbf{62.06\%}$

અને, કાર્બનિક પદાર્થમાં હાઇડ્રોજનના ટકા $= \frac{2\times W_2\times 100}{18\times W} = \frac{2\times 0.27\times 100}{18\times 0.29} = 10.34\%$

→ અહીં, કાર્બન અને હાઇડ્રોજનના ટકાનો સરવાળો 100 થતો નથી માટે સંયોજનમાં ઓક્સિજન હાજર હોવો જોઇએ.

$\therefore$ ઓક્સિજનના ટકા = 100 – (62.06 + 10.34) = 100 – 72.40 = **27.60%**

પદાર્થનું પ્રમાણસૂચક સૂત્ર નીચે પ્રમાણે ગણી શકાય.

| તત્વ | પરમાણુભાર | ટકા | પરમાણુ સંખ્યા | સાદોગુણોત્તર | પૂર્ણાંક સંખ્યા |
|---|---|---|---|---|---|
| C | 12 | 62.06% | $\frac{62.06}{12} = 5.17$ | $\frac{5.17}{1.72} = 3.00$ | 3 |
| H | 1 | 10.34% | $\frac{10.34}{1} = 10.34$ | $\frac{10.34}{1.72} = 6.01$ | 6 |
| O | 16 | 27.60% | $\frac{27.60}{16} = 1.72$ | $\frac{1.72}{1.72} = 1$ | 1 |

$\therefore$ કાર્બનિક પદાર્થનું સૂચક સૂત્ર = $C_3H_6O$ થશે.

પ્રમાણ સૂચક સૂત્ર પ્રમાણેનું વજન= $(3\times 12)+(6\times 1)+(16\times 1)$ = 58 ગ્રામ

અણુભાર = 2 × બાષ્પઘનતા = 2 × 29 = 58 ગ્રામ/મોલ

હવે, $n = \left(\frac{\textbf{અણુભાર}}{\textbf{પ્રમાણસુચક સુત્રનું વજન}}\right)$ $\quad \therefore n = \frac{58}{58} = 1$

આથી, અણુસૂત્ર = n × પ્રમાણ સૂચક સૂત્ર = 1 × $C_3H_6O$ = $C_3H_6O$ જવાબ

15. એક કાર્બનિક સંયોજન C= 71.1% ; H = 6.7%; N = 10.4% અને O = 11.8% ધરાવે છે. તેનો અણુભાર 135 છે. તો સંયોજનનું અણુસૂત્ર નક્કી કરો.

| તત્ત્વ | પરમાણુભાર | ટકા | પરમાણુ સંખ્યા | સાદોગુણોત્તર | પૂર્ણાંક સંખ્યા |
|---|---|---|---|---|---|
| C | 12 | 71.1 | $\frac{71.1}{12}=5.92$ | $\frac{5.92}{0.73}=8.10$ | 8 |
| H | 1 | 6.7 | $\frac{6.7}{1}=6.7$ | $\frac{6.7}{0.73}=9.17$ | 9 |
| N | 14 | 10.4 | $\frac{10.4}{14}=0.74$ | $\frac{0.74}{0.73}=1.01$ | 1 |
| O | 16 | 11.8 | $\frac{11.8}{16}=0.73$ | $\frac{0.73}{0.73}=1$ | 1 |

∴ કાર્બનિક પદાર્થનું પ્રમાણ સૂચક સૂત્ર = $C_8H_9NO$ થશે.

પ્રમાણ સૂચક સૂત્ર પ્રમાણેનું વજન $=(8\times12)+(9\times1)+(1\times14)+(1\times16)$ = 96 + 9 + 14 + 16 = **135 ગ્રામ**

કાર્બનિક પદાર્થનો અણુભાર = 135 ગ્રામ/મોલ આપેલ છે.

તેથી, $\left(n=\frac{\text{અણુભાર}}{\text{પ્રમાણસૂચક સૂત્રનુંવજન}}\right)=\frac{135}{135}=1$

∴ અણુસૂત્ર $n\times$ પ્રમાણ સૂચક સૂત્ર = $1\times C_8H_9NO$ = **$C_8H_9NO$ જવાબ**

18. 0.246 ગ્રામ કાર્બનિક પદાર્થના દહનથી 0.198 ગ્રામ $CO_2$ અને 0.1014 ગ્રામ $H_2O$ ઉદ્‌ભવે છે. જો 0.37 ગ્રામ કાર્બનીક પદાર્થના દહનથી 0.631 ગ્રામ AgBr મળે તો કાર્બનીક પદાર્થનું અણુસુત્ર શોધો. તેની બાષ્પઘનતા 54.5 છે.

અહીં, પદાર્થનું વજન W=0.246 ગ્રામ; $CO_2$નું વજન $W_1$=0.198 ગ્રામ; $H_2O$ નું વજન $W_2$=0.1014 ગ્રામ

આથી, કાર્બનના ટકા $=\frac{12\times W_1\times100}{44\times W}=\frac{12\times0.198\times100}{44\times0.246}$=21.95 %

અને, હાઈડ્રોજનના ટકા $=\frac{2\times W_2\times100}{18\times W}=4.58\%=\frac{2\times0.1014\times100}{18\times0.246}=4.58\%$

તદ્‌ઉપરાંત, બ્રોમિનના ટકા = $\frac{80\times \text{AgBr નું વજન}\times100}{188\times \text{પદાર્થનું વજન}}$ (જ્યાં W=પદાર્થનું વજન=0.37 ગ્રામ) $=\frac{80\times0.631\times100}{188\times0.37}=72.57\%$

પદાર્થનું પ્રમાણ સૂચક સૂત્ર નીચે પ્રમાણે મેળવી શકાશે :

| તત્ત્વ | પરમાણુભાર | ટકા | પરમાણુ સંખ્યા | સાદોગુણોત્તર | પૂર્ણાંક સંખ્યા |
|---|---|---|---|---|---|
| C | 12 | 21.95% | $\frac{21.95}{12}=1.83$ | $\frac{1.83}{0.91}=2.01$ | 2 |
| H | 1 | 4.58% | $\frac{4.58}{1}=4.58$ | $\frac{4.58}{0.91}=5.03$ | 5 |
| Br | 80 | 72.57% | $\frac{72.57}{80}=0.91$ | $\frac{0.91}{0.91}=1.00$ | 1 |

કાર્બનિક પદાર્થનું પ્રમાણ સૂચક સૂત્ર = **$C_2H_5Br$** થશે.

પ્રમાણ સૂચક સૂત્ર પ્રમાણેનું વજન $=(2\times12)+(5\times1)+(1\times80)=24+5+80=109$ ગ્રામ

અણુભાર = 2 x બાષ્પઘનતા = 2 × 54.4=109 ગ્રામ/મોલ

હવે, $n=\left(\frac{\text{અણુભાર}}{\text{પ્રમાણસૂચક સૂત્રનું વજન}}\right)$ $\therefore n=\frac{109}{109}=1$

Gyanmanjari Career Academy - Sample Copy

આથી, અણુસુત્ર = n x પ્રમાણ સૂચક સુત્ર $= 1 \times C_2H_5Br = \mathbf{C_2H_5Br}$ જવાબ

19. એક અજ્ઞાત કાર્બનીક સંયોજનનું દહન કરતાં 57.69% કાર્બન અને 3.84% હાઈડ્રોજન ધરાવે છે. તેમ જણાવ્યું છે. તદ્ઉપરાંત સલ્ફરના પરિમાપનમાં 0.333 ગ્રામ પદાર્થથી મળતાં સલ્ફ્યુરીક એસિડનું બેરીયમ ક્લોરાઈડ સાથે પ્રક્રિયા કરતાં 0.3731 ગ્રામ $BaSO_4$ મળેલ છે. તો અજ્ઞાત સંયોજનનું પ્રમાણ સૂચક સૂત્ર શું હશે ?

સલ્ફરના ટકા $= \dfrac{32 \times W_1 \times 100}{233 \times W} = \dfrac{32 \times 0.3731 \times 100}{233 \times 0.333} = 15.39\%$

અહીં, કાર્બન હાઈડ્રોજન અને સલ્ફરના ટકાનો સરવાળો 100 થતો નથી. માટે સંયોજનમાં ઓક્સિજન હાજર હોવો જોઈએ.

$\therefore$ ઓક્સિજનના ટકા $= 100 - (57.69 + 3.84 + 15.39) = 100 - 76.92 = 23.08\%$

પદાર્થનું પ્રમાણ સૂચક સૂત્ર નીચે પ્રમાણે મેળવી શકાશે.

| તત્ત્વ | પરમાણુભાર | ટકા | પરમાણુ સંખ્યા | સાદોગુણોત્તર | પૂર્ણાંક સંખ્યા |
|---|---|---|---|---|---|
| C | 12 | 57.69% | $\dfrac{57.69}{12} = 4.80$ | $\dfrac{4.80}{0.48} = 10$ | 10 |
| H | 1 | 3.84% | $\dfrac{3.84}{1} = 3.84$ | $\dfrac{3.84}{0.48} = 8$ | 8 |
| O | 16 | 23.09% | $\dfrac{23.09}{16} = 1.44$ | $\dfrac{1.44}{0.48} = 3$ | 3 |
| S | 32 | 15.38% | $\dfrac{15.38}{32} = 0.48$ | $\dfrac{0.48}{0.48} = 1$ | 1 |

$\therefore$ અજ્ઞાત કાર્બનિક પદાર્થનું સુત્ર $= C_{10}H_8O_3S$ થશે.

## -: SLP :-

1. 0.204 ગ્રામ કાર્બનિક પદાર્થ 0.298 ગ્રામ $CO_2$ અને 0.125 ગ્રામ પાણી આપે છે. તો સંયોજનમાં રહેલા કાર્બન અને હાઈડ્રોજનના ટકા ગણો. **(જવાબ : C = 39.83% અને H = 6.81%)**
2. 0.2475 કાર્બનિક પદાર્થનું દહન થવાથી 0.495 ગ્રામ $CO_2$ અને 0.2025 ગ્રામ પાણી આપે છે. તો સંયોજનમાં રહેલા તત્ત્વોનાં ટકા ગણો. **(જવાબ : C = 54.54% ; H = 9.09%; O =36.37%)**
3. 0.2346 ગ્રામ કાર્બનિક પદાર્થનું દહન થવાથી 0.4488 ગ્રામ $CO_2$ અને 0.2754 ગ્રામ પાણી પ્રાપ્ત થાય છે તો સંયોજનમાં રહેલાં તત્ત્વોના ટકા ગણો. **(જવાબ : C = 52.17%; H= 13.04%; O=34.79%)**
4. 0.19 ગ્રામ કાર્બનિક સંયોજન 0.29 ગ્રામ સિલ્વર ક્લોરાઈડ કેરિયસ પદ્ધતિથી આપે છે. તો સંયોજનમાં રહેલા ક્લોરિનના ટકા ગણો. **(જવાબ : 37.75%)**
5. ક્લોરિન ધરાવતા 0.147 ગ્રામ કાર્બનિક સંયોજનને નાઈટ્રિક એસિડ અને સિલ્વર નાઈટ્રેટ સાથે ગરમ કરતાં 0.287 ગ્રામ સિલ્વર ક્લોરાઈડ મળે છે. તો સંયોજનમાં રહેલા ક્લોરિનના ટકા ગણો. **(જવાબ : 48.3%)**
6. 0.4 ગ્રામ કાર્બનિક સંયોજન કેરિયસ પદ્ધતિથી 0.3 ગ્રામ સિલ્વર બ્રોમાઈડ આપે છે. તો સંયોજનમાં રહેલા બ્રોમિનના ટકા ગણો. **(જવાબ : 31.91%)**
7. એક કાર્બનિક સંયોજનના 0.2562 ગ્રામ વજનને સાંદ્ર નાઈટ્રિક એસિડ અને સિલ્વર નાઈટ્રેટ સાથે ગરમ કરતાં 0.3066 ગ્રામ સિલ્વર બ્રોમાઈડ મળે છે. તો સંયોજનમાં રહેલા બ્રોમિનના ટકા ગણો. **(જવાબ : 50.92%)**
8. આયોડિન ધરાવતા 0.7 ગ્રામ કાર્બનિક સંયોજન કેરિયસ પદ્ધતિથી 0.705 ગ્રામ સિલ્વર આયોડાઈડ આપે છે. તો સંયોજનમાં રહેલાં આયોડિનના ટકા ગણો. **(જવાબ : 54.42%)**
9. એક કાર્બનિક પદાર્થના 0.197 ગ્રામ વજનને સાંદ્ર નાઈટ્રિક એસિડ અને સિલ્વર નાઈટ્રેટ સાથે ગરમ કરતાં 0.3525 ગ્રામ સિલ્વર આયોડાઈડ મળે છે. તો સંયોજનમાં રહેલા આયોડિનના ટકા ગણો. **(જવાબ : 96.70%)**
10. 0.25 ગ્રામ કાર્બનિક સંયોજન કેરિયસ પદ્ધતિથી 0.348 ગ્રામ $BaSO_4$ આપે છે. તો પદાર્થમાં રહેલા સલ્ફરના ટકા ગણો. **(જવાબ : 19.12%)**
11. સલ્ફરના ભારાત્મક પરિમાપન માટેની કેરિયસ પદ્ધતિમાં 0.395 ગ્રામ કાર્બનિક સંયોજનમાંથી 0.582 ગ્રામ $BaSO_4$ નાં અવક્ષેપ મળે છે. તો સંયોજનમાં રહેલા સલ્ફરનું પ્રમાણ શોધો. **(જવાબ : 20.24%)**
12. 0.38 ગ્રામ કાર્બનિક સંયોજન કેરિયસર પદ્ધતિથી 1.17 ગ્રામ બેરિયમ સલ્ફેટ આપે છે. તો પદાર્થમાં રહેલા સલ્ફરના ટકા ગણો. **(જવાબ : 42.28%)**

Gyanmanjari Career Academy - Sample Copy

13. કેરિયસ પદ્ધતિથી 0.259 ગ્રામ કાર્બનિક પદાર્થમાંથી 0.349 ગ્રામ $Mg_2P_2O_7$ ના અવક્ષેપ મળે છે. તો કાર્બનિક પદાર્થમાં રહેલા ફોસ્ફરસનું પ્રતિશત પ્રમાણ શોધો. **(જવાબ : 37.63%)**
14. એક કાર્બનિક પદાર્થમાં C =60% અને H =13.3% છે. તેનું પ્રમાણ સૂચક સૂત્ર ગણો. **(જવાબ : $C_3H_8O$)**
15. કાર્બનિક પદાર્થમાં C = 41.35%; H=6.89% અને N = 24.12% છે. તેનું પ્રમાણ સૂચક સૂત્ર ગણો. **(જવાબ : $C_2H_4NO$)**
16. એક કાર્બનિક સંયોજનમાં C = 10.0%. H= 0.84% અને Cl = 89.20% છે. તેનુ પ્રમાણ સૂચક સૂત્ર ગણો. **(જવાબ : $CHCl_3$)**
17. કાર્બનિક પદાર્થમાં C =40% અને H = 6.67% છે. તેનું પ્રમાણ સૂચક સૂત્ર ગણો. **(જવાબ : $CH_2O$)**
18. કાર્બનિક સંયોજનમાં C = 58.53%, H = 4.06%, N = 11.38% છે. તેનું પ્રમાણ સૂચક સૂત્ર ગણો. **જવાબ : $C_6H_5NO_2$)**
19. C = 69.42%; H = 5.785 અને N = 11.56% ઘટક પ્રમાણ ધરાવતાં સંયોજનનું પ્રમાણ સૂચક સૂત્ર શોધો. **(જવાબ : $C_7H_7NO$)**
20. C = 42.12; H = 6.433% અને O = 51.447% ઘટક પ્રમાણ ધરાવતાં સયોજનનું સૂત્ર મેળવો. **(જવાબ : $CH_2O$)**
21. એક કાર્બનિક પદાર્થ C, H અને O તત્ત્વો ધરાવે છે. તેમાં C = 40.0% અને H = 6.67% છે. તેનું પ્રમાણ સૂચક સૂત્ર અને અણુસૂત્ર શોધો. પદાર્થનો અણુભાર 180 ગ્રામ/મોલ છે. **(જવાબ : $C_6H_{12}O_6$)**
22. 0.138 ગ્રામ કાર્બનિક સંયોજનનું સંપૂર્ણ દહન થવાથી 0.264 ગ્રામ $CO_2$ અને 0.162 ગ્રામ $H_2O$ મળે છે. તો તેનું અણુસૂત્ર શોધો. પદાર્થની બાષ્પઘનતા 23 છે. **(જવાબ : $C_2H_6O$)**
23. એક કાર્બનિક એસિડ 40% કાર્બન અને 6.66% હાઇડ્રોજન ધરાવે છે. તેની બાષ્પઘનતા 30 છે. તેનું પ્રમાણ સૂચક સૂત્ર અને અણુસૂત્ર નક્કી કરો. એસિડનું બંધારણીય સૂત્ર જણાવો. **(જવાબ : અણુસૂત્ર = $C_2H_4O_2$; બંધારણ = $CH_3COOH$)**
24. કાર્બન અને હાઇડ્રોજન ધરાવતું એક કાર્બનિક સંયોજન C = 91.3% અને H = 7.7% ધરાવે છે. તેની બાષ્પ ઘનતા 13 છે. તેનું અણુસૂત્ર શોધો. **(જવાબ : $C_2H_2$)**
25. કાર્બન, હાઇડ્રોજન અને ઓક્સિજન ધરાવતાં કાર્બનિક પદાર્થના 0.275 ગ્રામ પદાર્થમાંથી 0.654 ગ્રામ $CO_2$ અને 0.335 ગ્રામ $H_2O$ મળે છે. તેની બાષ્પ ઘનતા 37 છે તો તેનું અણુસૂત્ર શોધો. **(જવાબ : $C_4H_{10}O$)**
26. C = 53.3% , H =15.5% અને N = 31.2% ધરાવતા કાર્બનિક સંયોજનનો અણુભાર 45 છે તો તે સંયોજનનું અણુસૂત્ર શોધો. **(જવાબ : $C_2H_7N$)**

**NOTES**

Gyanmanjari Career Academy - Sample Copy

# NCERT EXERCISE WITH SOLUTIONS

**1.1 નીચેના મોલર દળ ગણો : (i) $H_2O$ (ii) $CO_2$ (iii) $CH_4$ (H,C અને O ના પરમાણ્વીય દળ અનુક્રમે 1.0079, 12.01 અને 16.00 u છે.)**

ઉકેલ :

(i) $H_2O$ નું મોલર દળ = 2(H નું પરમાણ્વીય દળ) + 1(O નું પરમાણ્વીય દળ)
= 2(1.0079u) + 1(16.00u)
= 18.0158u

(ii) $CO_2$ નું મોલર દળ = 1(C નું પરમાણ્વીય દળ + 2(O નું પરમાણ્વીય દળ)
= 1(12.01 u) + 2(16.00 u) = 44.01 u

(iii) $CH_4$ નું મોલર દળ = 1(C નું પરમાણ્વીય દળ) + 4(H નું પરમાણ્વીય દળ)
= 1(12.01 u) + 4(1.0079u)
= 16.0416u

**1.2 સોડીયમ સલ્ફેટ $Na_2SO_4$ માં રહેલા જુદા જુદા તત્વોના દળ ટકા ગણો. સોડિયમ સલ્ફેટ ($Na_2SO_4$) માં રહેલાં જુદાં જુદાં તત્વોના દળ ટકા ગણો. (Na, S અને O ના પરમાણ્વીય દળ અનુક્રમે 22.99, 32.06 અને 16.00 u છે.)**

ઉકેલ :

→ $Na_2SO_4$ નું મોલર દળ = 2(Na નું પરમાણ્વીય દળ) +1(S નું પરમાણ્વીય દળ) + 4(O નું પરમાણ્વીય દળ)
= 2(22.99 u) + 1 (32.06u) +4(16.00u) = 142.04 u

હવે, Na ના દળ % $= \frac{\text{સંયોજનમાંતે તત્વનુંદળ}}{\text{સંયોજનનુંમોલર દળ}} \times 100$

$= \frac{2(22.99)\times 100}{142.04} = 32.37\%$

S ના દળ % $= \frac{1(32.06)\times 100}{142.04} = 22.57\%$

O ના દળ % $= \frac{4(16)\times 100}{142.04} = 45.06\%$

**1.3 આયર્નના એક ઑકસાઇડ, જેમાં દળથી 69.9% આયર્ન અને 30.1% ડાયઑક્સિજન છે, તો તે ઑકસાઇડનું પ્રમામસૂચક સૂત્ર નક્કી કરો. [Fe અને O ના પરમાણ્વીય દળ અનુક્રમે 55.85 અને 16.0 u છે.]**

ઉકેલ :

| તત્ત્વ | તત્ત્વનું પરમાણ્વીય દળ (g માં) | ટકા અથવા તત્વનું દળ (g માં) | તત્વના મોલ (પરમાણુસંખ્યા) | સાદો ગુણોત્તર | પૂર્ણાંક સંખ્યા |
|---|---|---|---|---|---|
| Fe | 55.85 | 69.9 | $\frac{69.9}{55.85} = 1.25$ | $\frac{1.25}{1.25} = 1$ | 1 × 2 = 2 |
| O | 16.00 | 30.1 | $\frac{30.1}{16.0} = 1.88$ | $\frac{1.88}{1.25} = 1.5$ | 1.5 × 2 = 3 |

∴ પ્રમાણસૂચક સૂત્ર $Fe_2O_3$ થશે.

**1.4 ઉત્પન્ન થયેલ કાર્બન ડાયોક્સાઈડનું પ્રમાણ ગણો. જ્યારે**
**(i) 1 મોલ કાર્બનને હવામાં બાળવામાં આવે છે.**
**(ii) 1 મોલ કાર્બનને 16g ડાયઓક્સિજનમાં બાળવામાં આવે છે.**
**(iii) 2 મોલ કાર્બનને 16g ડાયઓક્સિજનમાં બાળવામાં આવે છે.**

ઉકેલ :

સમીકરણ : $C_{(s)} + O_{2(g)} \rightarrow CO_{2(g)}$
1 મોલ 1 મોલ 1 મોલ
32g 44 g

(i) સમીકરણ પરથી 1 મોલ કાર્બનને બાળવામાં આવે, તો 44 g $CO_{2(g)}$ ઉત્પન્ન થાય છે.

(ii) સમીકરણ પરથી 32 g $O_{2(g)}$ માંથી 44 g $CO_{2(g)}$ મળે.
∴ 16 g $O_{2(g)}$ માંથી 22 g $CO_{2(g)}$ મળે.

(iii) અહીં, $O_2$ એ મર્યાદિત પ્રક્રિયક હોવાથી $\left(\frac{16}{32} = 0.5\text{મોલ}\right)$
1 મોલ $O_{2(g)}$ માંથી 44 g $CO_{2(g)}$ મળે.
∴ 0.5 મોલ $O_{2(g)}$ માંથી 22g $CO_{2(g)}$ મળે.

**1.5 500 mL 0.375 મોલર જલીય દ્રાવણ બનાવવા માટે જરૂરી સોડિયમ એસિટેટ ($CH_3COONa$) નું દળ ગણો. (સોડિયમ એસિટેટનું મોલર દળ 82.0245 g $mol^{-1}$ છે.)**

ઉકેલ :

મોલારિટી (M) $= \frac{\text{દ્રાવ્યનુંદળ(gમાં)}}{\text{દ્રાવ્યનુંઆણ્વીયદળ} \times \text{દ્રાવણનુંકદ(litreમાં)}}$

$0.375 = \frac{\text{દ્રાવ્યનુંદળ(gમાં)}}{82.0245 \times 0.500}$

∴ દ્રાવ્યનું દળ = 0.375 × 82.0245 × 0.500 = 15.38 g

**1.6 નાઈટ્રીક એસિડનો એક નમૂનો જેની ઘનતા 1.41 g $mL^{-1}$ અને નાઈટ્રિક એસિડના દળ ટકા 69% છે. આ નમૂનામાં નાઈટ્રીક એસિડની સાંદ્રતા મોલ પ્રતિ લિટરમાં ગણો.**

ઉકેલ :

નાઈટ્રીક એસિડના દળ ટકા = 69% નો અર્થ 100g દ્રાવણમાં 69g $HNO_3$ (દ્રાવ્ય) છે. ઘનતા 1.41 g $mL^{-1}$

હવે, ઘનતા $= \frac{\text{દળ}}{\text{કદ}}$

∴ દ્રાવણનું કદ $= \frac{\text{દ્રાવણનુંદળ}}{\text{દ્રાવણની ઘનતા}} = \frac{100}{1.41} = 70.92$ mL

હવે, $HNO_3$ નું આણ્વીય દળ = 1(H) + 1(N)+3(O)
= 1(1.0079) + 1 (14.0067) + 3 (16.00)
= 63.0146 g.$mol^{-1}$

હવે, મોલારિટી (M) $= \frac{1000 \times \text{દ્રાવ્યનુંદળ}(gm)}{\text{દ્રાવ્યનુંઆણ્વીય દળ} \times \text{દ્રાવણનું કદ}(mL)}$

$= \frac{1000 \times 69.0}{63.0146 \times 70.92} = 15.44M$

Gyanmanjari Career Academy - Sample Copy

**1.7 100 ગ્રામ કોપર સલ્ફેટ ($CuSO_4$) માંથી કેટલું કોપર મેળવી શકાય ?**

ઉકેલ : Cu નું પરમાણ્વીય દળ 63.54 u તથા $CuSO_4$ નું મોલર દળ (આ. દળ) 159.6 g/mol છે.

159.6 g CuSO4 માં 63.54 g Cu છે.

∴ 100 g CuSO4 માં (?)

$$= \frac{1000 \times 63.4}{159.6} = 39.81 \text{ g}$$

**1.8 આયર્ન ઓક્સાઈડનું આણ્વીયસૂત્ર ગણો. જેમાં આયર્ન અને ઓક્સિજનના દળ ટકા અનુક્રમે 69.9 અને 30.1 છે. [Fe = 55.85 u અને O = 16 u છે.]**

ઉકેલ : પ્રશ્ન નંબર (3) મુજબ પ્રમાણસુચક સૂત્ર $Fe_2O_3$ થશે.

હવે, $Fe_2O_3$ નું પ્રમાણસૂચક સુત્રદળ = 2(Fe) + 3 (O)

= 2 (55.85) + 3 (16.00)

=159.7g / સુત્રદળ

$$\text{હવે ગુણક સંખ્યા (n)} = \frac{\text{આણ્વીય દળ}}{\text{પ્રમાણસુચક સુત્ર દળ}} = \frac{159.8}{159.7} = 1$$

હવે આણ્વીય સુત્ર = (n) (પ્રમાણસૂચક સુત્ર)

= 1 ($Fe_2O_3$) = $Fe_2O_3$

**1.9 નીચેની માહિતીનો ઉપયોગ કરીને ક્લોરીનનું પરમાણ્વિયદળ (સરેરાશ) ગણો :**

| | % કુદરતી પ્રચુરતા | મોલર દળ |
|---|---|---|
| $^{35}Cl$ | 75.77 | 34.9689 |
| $^{37}Cl$ | 24.23 | 36.9659 |

ઉકેલ : CI નું સરેરાશ પરમાણ્વીય દળ

$$= \frac{(75.77 \times 34.9689) + (24.23 \times 36.9659)}{75.77 + 24.23} = 35.452 \text{ u}$$

**1.10 ઈથેન ($C_2H_6$) ના 3 મોલમાં નીચેનાની ગણતરી કરો :**

**(i) કાર્બન પરમાણુના મોલની સંખ્યા**

**(ii) હાઈડ્રોજન પરમાણુંના મોલની સંખ્યા**

**(iii) ઈથેનના અણુની સંખ્યા**

ઉકેલ :

(i) 1 મોલ ઈથેન ($C_2H_6$) માં 2 મોલ કાર્બન પરમાણુ છે.

∴ 3 મોલ ઈથેન ($C_2H_6$) માં 3 × 2 = 6 મોલ કાર્બન પરમાણુ હશે.

(ii) 1 મોલ ઈથેન ($C_2H_6$) માં 6 મોલ હાઈડ્રોજન પરમાણુ છે.

∴ 3 મોલ ઈથેન ($C_2H_6$) માં 3 × 6 = 18 મોલ કાર્બન પરમાણુ હશે.

(iii) એવોગેડ્રો મુજબ,

1 મોલ $C_2H_6$ = 6.022 × $10^{23}$ $C_2H_6$ ના અણુ

∴ 3 મોલ $C_2H_6$ = (?)

= 3 × 6.022 × $10^{23}$ = 18.066 × $10^{23}$

= 1.8066 × $10^{24}$ અણુ

**1.11 જો 20 ગ્રામ ખાંડ ($C_{12}H_{22}O_{11}$) પૂરતા પાણીમાં ઓગાળી અંતિમ કદ 2L કરવામાં આવ્યું તો ખાંડની સાંદ્રતા mol $L^{-1}$ માં ગણો. (ખાંડનું આણ્વીય દળ 342 g/મોલ)**

ઉકેલ : સાંદ્રતા મોલ / લિટરમાં એટલે મોલારિટી (M)

$$= \frac{\text{દ્રાવ્યનું વજન (g માં)}}{\text{દ્રાવ્યનું આણ્વીય દળ} \times \text{દ્રાવણનું કદ (litre માં)}}$$

$$= \frac{20}{342 \times 2} = 0.0292\text{M}$$

**1.12 જો મિથેનોલની ઘનતા 0.793 $kgL^{-1}$ હોય તો તેનું 2.5 L 0.25 M દ્રાવણ બનાવવા માટે કેટલું કદ જોઈશે ?**

ઉકેલ : મિથેનોલની ઘનતા = 0.793 $kgL^{-1}$ = 0.793 × $10^3$ g.$L^{-1}$

$$\text{હવે, મોલારિટી} = \frac{g \cdot L^{-1}}{\text{આણ્વીયદળ}} = \frac{0.793 \times 10^3 g \cdot L^{-1}}{32 gmol^{-1}}$$

= 24.781 mol/litre

| | |
|---|---|
| $M_1$ = 24.78 M | હવે, $M_1V_1 = M_2V_2$ |
| $V_1$ = ? | 24.78 × $V_1$ = 0.25 × 2.5 L |
| $M_2$ = 0.25M | $V_1$ = 0.02522 L = 25.22 mL |
| $V_2$ = 2.5 L | |

**1.13 એક ક્ષેત્રફળ ધરાવતી સપાટી પર લાગતા બળ વડે દબાણ નક્કી કરવામાં આવે છે. દબાણનો SI એકમ પાસ્કલ (Pascal- Pa) નીચે પ્રમાણે દર્શાવી શકાય. 1 Pa = 1N $m^{-2}$ તથા 1N = 1 kg.m $S^{-2}$ જો દરિયાની સપાટી પર હવાનું દળ 1034 g $cm^{-2}$ હોય તો દબાણ પાસ્કલમાં ગણો.**

ઉકેલ : દબાણ = 1034 g · $cm^{-2}$ × 9.8 $ms^{-2}$

હવે, દબાણને SI માં ફેરવવા માટે g ને kg માં તથા $cm^2$ ને $m^2$ ફેરવતાં, 1 g = $10^{-3}$kg તથા 1 $cm^2$ = $10^{-4}m^2$ થાય.

$$\text{હવે, દબાણ} = \frac{1034 \times 10^{-3} kg \times 9.8 m \cdot s^{-2}}{10^{-4} m^2}$$

= 101332.0 $Nm^{-2}$ (∴ 1N=1kg$ms^{-2}$)

= 101332 Pa (∴ 1Pa= $Nm^{-2}$)

= 1.01332 × $10^5$ Pa

**1.14 દળનો SI એકમ શું છે ? તેને કેવી રીતે વ્યાખ્યાયિત કરવામાં આવે છે ?**

ઉકેલ : દળનો SI એકમ કિલોગ્રામ (kg) છે. પદાર્થમાં રહેલા દ્રવ્યના જથ્થાને દળ કહે છે.

1.15 નીચેના પૂર્વગોને તેમના ગુણાંક સાથે સરખાવો :

| S.N | પૂર્વગ | ગુણક | S.N | પૂર્વગ | ગુણક |
|---|---|---|---|---|---|
| (i) | માઈક્રો | $10^6$ | (iv) | ગિગા | $10^{-15}$ |
| (ii) | ડેકા | $10^9$ | (v) | ફેમ્ટો | 10 |
| (iii) | મેગા | $10^{-6}$ | | | |

ઉકેલ :

| S.N | પૂર્વગ | ગુણક | S.N | પૂર્વગ | ગુણક |
|---|---|---|---|---|---|
| (i) | માઈક્રો | $10^{-6}$ | (iv) | ગીગા | $10^9$ |
| (ii) | ડેકા | 10 | (v) | ફેમ્ટો | $10^{-15}$ |
| (iii) | મેગા | $10^6$ | | | |

**1.16 અર્થસૂચક અંક વિશે તમે શું સમજો છો ?**

ઉકેલ : અર્થસૂચક અંક એ અર્થપૂર્ણ અંક છે, જે ચોકસાઇપૂર્વક જ્ઞાત હોય છે. અનિશ્ચિતતાનો નિર્દેશ કેટલાક અંક લખીને કરવામાં આવે છે, જેમાં છેલ્લો અંક અનિશ્ચિત ગણાય છે.

દા.ત., 11.2 mL લખીએ તો તેમાં 11 નિશ્ચિત છે, જ્યારે 2 અનિશ્ચિત છે અને છેલ્લા અંકની અનિશ્ચિતતા ±1 થશે.

Gyanmanjari Career Academy - Sample Copy

**1.17 એક પીવાના પાણીનો નમૂનો ખરાબ રીતે ક્લોરોફોર્મ ($CHCl_3$) વડે સંદૂષિત થયેલ છે $CHCl_3$ સ્વભાવે કેન્સરજન્ય છે. સંદૂષિતતાનું સ્તર (પ્રમાણ) 15 ppm (દળથી) હતું.**
**(i) આને દળ ટકામાં દર્શાવો.**
**(ii) પાણીના નમૂનામાં કલોરોફોર્મની મોલાલિટી ગણો.**

ઉકેલ :

(i) 15 ppm નો અર્થ $10^6$ g દ્રાવણમાં 15 g દ્રાવ્ય છે.

$$\therefore \text{દળ ટકા} = \frac{\text{દ્રાવ્યનુંદળ}}{\text{દ્રાવણનુંદળ}} \times 100 = \frac{15}{10^6} \times 100$$

$= 1.5 \times 10^{-3}$ %

હવે, $1.5 \times 10^{-3}$ % એટલે 100 g (પાણીના) નમૂનામાં $1.5 \times 10^{-3}$ g ક્લોરોફોર્મ છે.

(ii) મોલાલિટી $$= \frac{1000 \times \text{દ્રાવ્યનુંદળ}\,(gm)}{\text{દ્રાવ્યનુંઆણ્વીય દળ} \times \text{દ્રાવકનુંદળ}\,(g)}$$

$$= \frac{1000 \times 1.5 \times 10^{-3}}{119.5 \times 100} = 1.25 \times 10^{-4} m$$

**1.18 નીચેનાને વૈજ્ઞાનિક સંકેતમાં દર્શાવો.**
**(i) 0.0048 (ii) 234,000 (iii) 8008**
**(iv) 500.0 (v) 6.0012**

ઉકેલ :

| | | વૈજ્ઞાનિક સંકેત |
|---|---|---|
| (i) | 0.0048 | $4.8 \times 10^{-3}$ |
| (ii) | 234000 | $2.34 \times 10^5$ |
| (iii) | 8008 | $8.008 \times 10^3$ |
| (iv) | 500 | $5.00 \times 10^2$ |
| (iv) | 6.0012 | $6.0012 \times 10^0$ |

**1.19 નીચેના અંકોમાં અર્થસુચક અંક કેટલા છે ?**
**(i) 0.0025 (ii) 208 (iii) 5005**
**(iv) 126.000 (v) 500.0 (vi) 2.0034**

ઉકેલ :

| | | અર્થસૂચક અંક |
|---|---|---|
| (i) | 0.0025 | 2 |
| (ii) | 208 | 3 |
| (iii) | 5005 | 4 |
| (iv) | 126.000 | 6 |
| (v) | 500.0 | 4 |
| (vi) | 2.0034 | 5 |
| (vii) | 126000 | 3 |

**1.20 નીચેના અર્થસુચક અંક સુધી સંનિકટન કરો.**
**(i) 34.216 (ii) 10.4107**
**(iii) 0.04597 (iv) 2808**

ઉકેલ :

(i) $34.216 \rightarrow 34.2$

(ii) $10.4107 \rightarrow 10.4$

(iii) $0.04597 \rightarrow 0.0460$

(iv) $2808 \rightarrow 2810$

**1.21 જ્યારે ડાયનાઈટ્રોજન અને ડાયઓક્સિજન એકબીજા સાથે પ્રક્રિયા કરે છે ત્યારે જુદા જુદા સંયોજનો બને છે. આની માહિતી નીચે પ્રમાણે મળેલ છે.**

| | ડાયનાઈટ્રોજનનું દળ | ડાયઓક્સિજનનું દળ |
|---|---|---|
| (i) | 14g | 16g |
| (ii) | 14g | 32g |
| (iii) | 28g | 32g |
| (iv) | 28g | 80g |

**(a) ઉપરની પ્રાયોગિક માહિતીમાં રાસાયણિક સંયોગીકરણનો ક્યો નિયમ પળાયો છે ? તેનું નિવેદન કરો.**

**(b) નીચેના પરિવર્તનો (રૂપાંતરણો)માં .......... પુરો.**
**(i) 1 km =...............mm =.............pm**
**(ii) 1 mg =...............kg =.............ng**
**(iii) 1 mL =...............L =............. $dm^3$**

ઉકેલ :

(a) ઉપરોક્ત માહિતી ગુણક પ્રમાણનાં નિયમનું પાલન કરે છે.

(b) (i) $10^6$, $10^{15}$; (ii) $10^{-6}$, $10^6$; (iii) $10^{-3}$, $10^{-3}$

**1.22 જો પ્રકાશની ઝડપ (વેગ) $3.0 \times 10^8$ m $s^{-1}$ હોય તો 2.00 ns માં પ્રકાશે કાપેલું અંતર ગણો.**

ઉકેલ : 2.00ns = $2.00 \times 10^{-9}$ s

હવે, કાપેલું અંતર = વેગ × સમય

$= 3 \times 10^8 ms^{-1} \times 2 \times 10^{-9} s$

$= 6.00 \times 10^{-1}$ m = 0.600 m

**1.23 પ્રક્રિયા $A + B_2 \rightarrow AB_2$ માં નીચેના પ્રક્રિયા મિશ્રણોમાં સીમિત પ્રક્રિયક હોય તો ઓળખી બતાવો :**
**(i) A ના 300 પરમાણું + B ના 200 અણું**
**(ii) 2 mol A + 3 mol B**
**(iii) A ના 100 પરમાણું + Bના 100 અણું**
**(iv) 5 mol A + 2.5 mol B**
**(v) 2.5 mol A + 5 mol B**

ઉકેલ : પ્રક્રિયા : $A + B_2 \rightarrow AB_2$ માટે

આપેલ પ્રક્રિયામાં A અને $B_2$ ના મોલ સમાન (1, 1) છે. આથી...

(i) A ના 200 પરમાણુ એ B ના 200 અણુ સાથે પ્રક્રિયા કરે છે. આથી B એ સીમિત પ્રક્રિયક બને.

(ii) સમીકરણ મુજબ,
1મોલ A એ 1 મોલ B સાથે પ્રક્રિયા કરે છે.
∴ 2 મોલ A એ 2 મોલ B સાથે પ્રક્રિયા કરશે.
આથી A એ સીમિત પ્રક્રિયક બને.

(iii) કોઇ જ સીમિત પ્રક્રિયક નથી.

(iv) 2.5 મોલ B એ 2.5 મોલ A સાથે જ પ્રક્રિયા કરશે.
∴ અહીં, B એ સીમિત પ્રક્રિયક બને.

(v) 2.5 મોલ A એ 2.5 મોલ B સાથે જ પ્રક્રિયા કરશે.
∴ અહીં A એ સીમિત પ્રક્રિયક બને.

**1.24 નીચેના રાસાયણિક સમીકરણ પ્રમાણે ડાયનાઈટ્રોજન અને ડાયહાઈડ્રોજન એકબીજા સાથે પ્રક્રિયા કરી એમોનિયમ ઉત્પન્ન કરે છે.**

$$N_2(g) + 3H_2(g) \rightarrow 2NH_3(g)$$

**(i) જો $2.00 \times 10^3$ g ડાયનાઈટ્રોજન $1.00 \times 10^3$ ડાયહાઈડ્રોજન સાથે પ્રક્રિયા કરે તો ઉત્પન્ન થતા એમોનિયાનું દળ ગણો.**
**(ii) બન્ને પ્રક્રિયકમાંથી કોઈપણ પ્રક્રિયા પામ્યા વગર રહેશે ?**
**(iii) જો હા, તો ક્યો પ્રક્રિયક અને તેનું દળ કેટલું હશે ?**

ઉકેલ :

Gyanmanjari Career Academy - Sample copy

(i) $N_{2(g)} + 3H_{2(g)} \rightarrow 2NH_{3(g)}$

1 mol 3mol 2 mol

28 g 6 g 34 g

સમીકરણ પરથી 28g $N_2$ એ 6 g $H_2$ સાથે પ્રક્રિયા કરે છે.

$\therefore$ 2 × $10^3$ g $N_2$ એ (?)

$$\frac{2\times10^3\times6}{28} = 428.57 \text{ g } H_2$$

આ જ પ્રમાણે, 28 ગ્રામ $N_2$ એ 34 g $NH_3$ માંથી ઉત્પન્ન થાય છે.

$\therefore$ 2 × 103 g $N_2$ એ (?)

$$\therefore \frac{2\times10^3\times34}{28}\ 2428.57 \text{ g} = 2.42\times10^3 \text{ g } NH_3$$

(ii) હા. અહીં, $H_2$ એ પ્રક્રિયા પામ્યા વગરનો રહેશે.

(iii) પ્રક્રિયા પામ્યા વગરના $H_2$ નું દળ

= 1000 – 428.57

(રકમ મુજબ) (ગણતરી મુજબ)

= 571.43 g = 5.72 × $10^2$ g

**1.25 0.50 mol $Na_2CO_3$ અને 0.50 M $Na_2CO_3$ કેવી રીતે જુદા પડે છે ? ($Na_2CO_3$ નું મોલર દળ = 106 gm/mole)**

ઉકેલ : 0.50 મોલ $Na_2CO_3$=0.50 × 106 = 53 g $Na_2CO_3$

0.50 M $Na_2CO_3$ એટલે 1 લિટર (1000 mL) દ્રાવણમાં 53 g $Na_2CO_3$ છે.

**1.26 જો ડાયહાઈડ્રોજન વાયુના 10 કદ ડાયઓક્સિજન વાયુના 5 કદ સાથે પ્રક્રિયા કરે છે, તો પાણીની બાષ્પનું કેટલું કદ ઉત્પન્ન થશે ?**

ઉકેલ : $2H_{2(g)} + O_{2(g)} \rightarrow 2H_2O_{(g)}$

2 કદ 1 કદ 2 કદ

ગેલ્યુસેકના નિયમ મુજબ, સમીકરણ પરથી,

2 કદ $H_{2(g)}$ એ 1 કદ $O_{2(g)}$ સાથે પ્રક્રિયા કરી 2 કદ $H_2O_{(g)}$ બનાવે છે.

$\therefore$ 10 કદ $H_{2(g)}$ એ 5 કદ $O_{2(g)}$ સાથે પ્રક્રિયા કરી 10 કદ $H_2O_{(g)}$ બનાવશે.

**1.27 નીચેનાને પાયાના એકમોમાં ફેરવો :**

**(i) 28.7 pm (ii) 15.15 pm (iii) 25365 mg**

ઉકેલ :

(i) 1 pm =$10^{-12}$ m

$$\therefore 28.7 \text{ pm} = \frac{28.7 \text{ pm}\times10^{-12} \text{ m}}{1 \text{ pm}} = 2.87\times10^{-11} \text{ m}$$

(ii) 1 pm = $10^{-12}$ m

$$\therefore 15.15 \text{ pm} = \frac{15.15 \text{ pm}\times10^{-12} \text{ m}}{1\text{pm}} = 1.515\times10^{-11} \text{ m}$$

(iii) 1 kg = $10^3$ g અને 1 g = $10^3$ mg પરથી, 1 mg = $10^{-6}$ kg

$$\therefore 25365 \text{ mg} = \frac{25365\times10^{-2}\text{kg}}{1} = 2.5365\times10^{-2} \text{ kg}$$

**1.28 નીચેના માંથી શેમાં સૌથી વધારે સંખ્યામાં પરમાણુઓ હશે ?**

**(i) 1 g Au (s) (પરમાણુ દળ = 197 u)**

**(ii) 1 g Na (s) (પરમાણુ દળ = 23 u)**

**(iii) 1 g Li (s) (પરમાણુ દળ = 7 u)**

**(iv) 1 g $Cl_2$ (g) (પરમાણુ દળ = 71 u)**

ઉકેલ :

(i) $1 \text{ g Au} = \frac{1}{197}$ મોલ Au $= \frac{1}{197}\times6.022\times10^{23}$ Au પરમાણુ

$= 3.05\times10^{21}$

(ii) $1 \text{ g Na} = \frac{1}{23}$ મોલ Na $= \frac{1}{23}\times6.022\times10^{23}$ Na પરમાણુ

$= 2.61\times10^{22}$

(iii) $1 \text{ g Li} = \frac{1}{7}$ મોલ Li $= \frac{1}{7}\times6.022\times1023$ Li પરમાણુ

$= 8.60\times10^{22}$

(iv) $1 \text{ g } Cl_2 = \frac{1}{71}$ મોલ $Cl_2$ અણુ $= \frac{1}{71}\times2\times6.022\times10^{23}$

$= 1.69\times10^{22}$

આમ, અહીં 1 g Li માં સૌથી વધુ પરમાણુઓ હશે.

**1.29 એક દ્રાવણ જેમાં ઈથેનોલના મોલ અંશ 0.040 છે તે દ્રાવણમાં ઈથેનોલની પાણીમાં મેલારિટી ગણો.(પાણીની ઘનતા એક છે તેમ ધારો)**

ઉકેલ : મોલારિટી એટલે 1 લિટર જલીય દ્રાવણમાં ઓગળેલા ઈથેનોલ (દ્રાવ્ય)ના મોલ.

હવે, 1 લિટર પાણીના મોલ $= \frac{\text{દળ}}{\text{આણ્વીયદળ}} = \frac{1000g}{18\text{g}\cdot\text{mol}^{-1}}$

= 55.55 mol

હવે, મોલ-અંશોનો સરવાળો 1 થવાથી

$X_{\text{પાણી}} + X_{\text{ઈથેનોલ}} = 1$

$\therefore X_{\text{પાણી}} = 1\ X_{\text{ઈથેનોલ}} = 1–0.040= 0.96$

હવે, $X_{\text{પાણી}} = \frac{n_{\text{પાણી}}}{n_{\text{પાણી}}+n_{\text{ઈથેનોલ}}}$

$$0.96 = \frac{55.55}{55.55 + n_{\text{ઈથેનોલ}}}$$

$\therefore 53.328 + 0.96\ n_{\text{ઈથેનોલ}} = 55.55$

$\therefore 0.96\ n_{\text{ઈથેનોલ}} = 55.55 – 53.328 = 2.222$

$$\therefore n_{\text{ઈથેનોલ}} = \frac{2.222}{0.96} = 2.3145 \text{ mol}$$

અહીં, ઈથેનોલના 2.3145 મોલ 1 L દ્રાવણમાં હોવાથી ઈથેનોલની મોલારિટી =2.3145 M થશે.

**1.30 $^{12}$C પરમાણું નું દળ g માં કેટલું હશે ?**

ઉકેલ : $^{12}$C પરમાણુનું દળ $= \frac{\text{'C' નું પરમાણ્વીયદળ}}{\text{એવોગેડ્રો આંક}} = \frac{12g}{6.022\times10^{23}}$

$= 1.9927\times10^{-23}$g

**1.31 નીચેની ગણતરીથી મળતા જવાબમાં કેટલા અર્થસુચક અંક હશે ?**

**(i) $\frac{0.02856\times298.15\times0.112}{0.5785}$**

**(ii) 5 × 5.364**

**(iii) 0.0125 + 0.7864 + 0.0215**

Gyanmanjari Career Academy - Sample Copy

ઉકેલ :

(i) $\frac{0.02856 \times 298.15 \times 0.112}{0.5785} = 1.64857108 \approx 1.65$

(નોંધ : અર્થસૂચક અંકના ગુણાકાર અને ભાગાકારના નિયમ મુજબ 0.112 માં રહેલ અર્થસૂચક અંકથી 3 થી વધારે દર્શાવી શકાય નહિ.) આમ, ઉપરોક્ત કિંમત માટે અર્થસૂચક અંક 3 થશે.

(ii) $5 \times 5.364 = 26.82$ મળે છે.
∴ અર્થ સૂચક અંક 4 થશે.

(iii) $0.0125 + 0.7864 + 0.0215 = 0.8204$ મળે છે.
∴ અર્થ સૂચક અંક 4 થશે.

**1.32 કુદરતી રીતે મળતા આર્ગોનનું મોલર દળ નીચેન કોષ્ટકમાં આપેલ માહિતી પરથી ગણો :**

| સમસ્થાનિક | સમસ્થાનિકીય મોલર દળ | પ્રચુરતા |
|---|---|---|
| $^{36}Ar$ | **35.96755g mol$^{-1}$** | **0.337%** |
| $^{38}Ar$ | **37.96272g mol$^{-1}$** | **0.063%** |
| $^{40}Ar$ | **39.9624 g mol$^{-1}$** | **99.600%** |

ઉકેલ : Ar નું મોલર દળ :

$$= \frac{(0.337 \times 35.96755) + (0.063 \times 37.96272) + (99.600 \times 39.9624)}{0.337 + 0.063 + 99.600}$$

$= 39.948 \ g \cdot mol^{-1}$

**1.33 નીચેનામાંના દરેકમાં પરમાણુંની સંખ્યા ગણો :**
**(i) Ar ના 52 મોલ (ii) He ના 52 u (iii) He ના 52 g**

ઉકેલ :

(i) 1 મોલ Ar $= 6.022 \times 10^{23}$ Ar પરમાણુ
∴ 52 મોલ Ar $= 52 \times 6.022 \times 10^{23}$
$= 3.131 \times 10^{25}$ Ar પરમાણુ

(ii) 4 u He = 1 He પરમાણુ
∴ 52 u He $= \frac{52 \times 1}{4} = 13$ He પરમાણુ

(iii) 4 g He = 1 મોલ He $= 6.022 \times 10^{23}$ He પરમાણુ
∴ 52 g He $= \frac{52 \times 6.022 \times 10^{23}}{4}$
$= 7.8286 \times 10^{24}$ પરમાણુ

**1.34 એક વેલ્ડિંગ કરવાનો બળતણ વાયુ કાર્બન અને હાઈડ્રોજન ધરાવે છે. તેના થોડા પ્રમાણને ઓક્સિજનની હાજરીમાં બાળતા 3.38 g કાર્બન ડાયોક્સાઈડ 0.690 પાણી આપે છે અને અન્ય કોઈ નીપજ આપતું નથી. આ વેલ્ડીંગ વાયુનું 10.0 L કદ (STP એ માપન કરેલ) 11.6 વજન દર્શાવે છે. ગણતરી કરો :**
**(i) પ્રમાણસૂચક સૂત્ર (ii) વાયુનું મોલર દળ (iii)આણ્વિય સુત્ર**

ઉકેલ :

(i) 44 g $CO_2$ = 12g 'C'

∴ 3.38 g $CO_2 = \frac{12 \times 3.38}{44}$ 0.9218 g 'C'

આ જ પ્રમાણે, 18 g $H_2O$ = 2g 'H'

∴ 0.690 g $H_2O = \frac{0.690 \times 2}{18} = 0.0767$ g 'H'

હવે, C અને H નું કુલ દળ = 0.9218 + 0.0767
= 0.9985 g થાય.

તેથી 'C' ના % $= \frac{0.9218}{0.9985} \times 100 = 92.32\%$

તથા 'H' ના % $\frac{0.0767}{0.9985} \times 100 = 7.68$ % ટકા

| તત્ત્વ | તત્ત્વનું પરમાણ્વીય દળ (g માં) | ટકા અથવા તત્વનું દળ (g માં) | તત્વના મોલ (પરમાણુસંખ્યા) | સાદો ગુણોત્તર | પૂર્ણાંક સંખ્યા |
|---|---|---|---|---|---|
| C | 12 | 92.32 | $\frac{92.32}{12} = 7.69$ | $\frac{7.69}{7.69} = 1$ | 1 |
| H | 1 | 7.68 | $\frac{7.68}{1} = 7.68$ | $\frac{7.68}{7.68} = 1.0$ | 1 |

∴ પ્રમાણસૂચક સૂત્ર CH થશે.

(ii) 10 L નું STP એ દળ = 11.6 g

∴ 22.4 L નું STP એ દળ $= \frac{11.6 \times 22.4}{10} = 25.984 \ g$
$\approx 26$ g

∴ વાયુનું મોલર દળ $= 26 \ g \cdot mol^{-1} = 26$ u થશે.

(iii) CH નો પ્રમાણસૂચક સૂત્રદળ = 1(C) + 1(H)
= 1(12) + 1(1)
= 13 g/ સૂત્રદળ

હવે, ગુણક સંખ્યા (n) $= \frac{\text{આણ્વીયદળ}}{\text{પ્રમાણસૂચકસૂત્ર દળ}} = \frac{26}{13}$

∴ n = 2

હવે, આણ્વીય સૂત્ર = n (પ્રમાણસૂસચક સૂત્ર) = 2(CH) = $C_2H_2$

**1.35 કેલ્શિયમ કાર્બોનેટ જલીય HCl સાથે પ્રક્રિયા કરે છે અને નીચેની પ્રક્રિયા પ્રમાણે $CaCl_2$ અને $CO_2$ આપે છે :**

$$CaCO_3(s) + 2\,HCl(aq) \rightarrow CaCl_2(aq) + CO_2(g) + H_2O(l)$$

**25 mL 0.75 M HCl સાથે સંપુર્ણ રીતે પ્રક્રિયા કરવા માટે $CaCO_3$ નું કેટલું દળ જોઈશે ?**

ઉકેલ : સૌપ્રથમ HCl નું દળ શોધીએ.

$$M = \frac{1000 \times \text{HClનું દળ}}{\text{HClનું આણ્વીયદળ} \times \text{દ્રાવણનું કદ (mLમાં)}}$$

$$0.75 = \frac{1000 \times \text{HClનુંદળ}}{36.5 \times 25}$$

∴ HCl નું દળ $= \frac{0.75 \times 36.5 \times 25}{1000} = 0.6844$ g HCl

હવે,

$CaCO_{3(s)} + 2HCl_{(aq)} \rightarrow CaCl_{2(aq)} + CO_2^{(g)} + H_2O_{(l)}$
1 મોલ    2 મોલ
100g    $2 \times 36.5$ g

સમીકરણ પરથી $2 \times 36.5$ g HCl એ 100 g $CaCO_3$ સાથે પ્રક્રિયા કરે છે.

Gyanmanjari Career Academy - Sample Copy

$\therefore$ 0.6844 g HCl એ (?)

$\therefore \dfrac{0.6844 \times 100}{2 \times 36.5} = 0.9375$ g $CaCO_3$ જોઇએ.

**1.36 પ્રયોગશાળામાં મેંગેનીઝ ડાયોક્સાઈડ ($MnO_2$) ની જલીય હાઈડ્રોક્લોરિક એસિડ સાથે નીચે પ્રમાણે પ્રક્રિયા કરી ક્લોરીન બનાવવામાં આવે છે.**

$4\,HCl(aq) + MnO_2(s) \rightarrow 2H_2O(l) + MnCl_2(aq) + Cl_2(g)$

5.0 g મેંગેનીઝ ડાયોક્સાઈડ સાથે HCl ના કેટલા ગ્રામ પ્રક્રિયા કરશે ? (HCl નું આ. દળ = 36.5 g/mol $MnO_2$ નું આ. દળ = 87 g/mol)

**ઉકેલ :**

(HCl નું આણ્વિયદળ = 36.5 gm/મોલ, $MnO_2$ નું આણ્વિયદળ 87 gm/મોલ

$4HCl_{(aq)} + MnO_{2(s)} \rightarrow 2H_2O_{(l)} + MnCl_{2(aq)} + Cl_{2(g)}$

4 મોલ 1 મોલ

4 × 36.5 g 87 g

સમીકરણ પરથી, 87 g $MnO_2$ એ 4 × 36.5 g HCl સાથે પ્રક્રિયા કરે છે.

$\therefore$ 5.0 g $MnO_2$ એ (?)

$\therefore \dfrac{5 \times 4 \times 36.5}{87} = 8.40$g HCl

NOTES

NOTES

Gyanmanjari Career Academy - Sample Copy

# BOARD - MCQ

1. માર્શલ એસિડ અને કાલગોનના પ્રમાણસૂચક સૂત્રો અનુક્રમે : (October-2011)
(A) $HSO_4$, $NaPO_3$ (B) $H_2SO_6$, $Na_2PO_4$
(C) $HSO_4$, $Na_2PO_3$ (D) $H_2SO_5$, $NaPO_3$

2. નીચેની પ્રક્રિયા સંતુલિત કર્યા પછી $x$ માટે સાચો વિકલ્પ પસંદ કરો.
$$4HgS + 4CaO \xrightarrow{\Delta} 4Hg + x + 3CaS$$
(October-2011)
(A) $x = CaSO_3$ (B) $x = HgSO_4$
(C) $x = CaSO_4$ (D) $x = HgSO_3$

3. પ્રક્રિયા : $6CO_2 + 6H_2O \rightarrow C_6H_{12}O_6 + 6O_2$ મુજબ 1.8 ગ્રામ ગ્લુકોઝ મેળવવા માટે $CO_2$ ના કેટલા અણુઓની જરૂર પડશે ? ($M.wt. C_6H_{12}O_6 = 180\ g\ mol^{-1}$)
($C = 12, H = 1, O = 16$) (October-2011)
(A) $0.06 \times 6.022 \times 10^{23}$ (B) $0.6 \times 6.022 \times 10^{23}$
(C) $6 \times 6.022 \times 10^{23}$ (D) $60 \times 6.022 \times 10^{23}$

4. $Al_2(SO_4)_3$ ના જલીય દ્રાવણમાં $Al^{3+}$ની સાંદ્રતા 0.28 M હોય તો $SO_4^{2-}$ આયનની સાંદ્રતા કેટલી હશે ? (October-2011)
(A) 0.28 M (B) 0.84 M
(C) 0.42 M (D) 0.042 M

5. બિકરમાં રહેલા 1 લિટર $\frac{N}{5}$ HCl ના જલીય દ્રાવણને ઉકાળતા પરિણામી દ્રાવણનું કદ 250 મિલિ થાય છે. આ દરમિયાન 3.65 ગ્રામ HCl દૂર થાય છે. આ પરિણામી દ્રાવણની સાંદ્રતા કેટલી થશે ? ($HCl = 36.5$ ગ્રામ મોલ$^{-1}$) (October-2011)
(A) $\frac{N}{5}$ (B) $\frac{N}{20}$ (C) $\frac{N}{10}$ (D) $\frac{N}{2.5}$

6. આપેલ આકૃતિ પર આધારિત માહિતી માટે સાચો વિકલ્પ પસંદ કરો. સંજ્ઞા T $\rightarrow$ સાચુ વિધાન સુચવે છે અને સંજ્ઞા F $\rightarrow$ ખોટુ વિધાન સુચવે છે.




દ્રાવણ - P = 8 N $H_2SO_{4(aq)}$ છે અને
દ્રાવણ - Q = 8 N $HNO_{3(aq)}$ છે.
(i) દ્રાવણ - P અને દ્રાવણ - Qમાં દ્રાવ્યની મોલ સંખ્યા સમાન છે.
(ii) દ્રાવણ - P અને દ્રાવણ - Q માં દ્રાવ્યની ગ્રામ્ય તુલ્યાંકની સંખ્યા સમાન છે.
(iii) દ્રાવણ - P અને દ્રાવણ - Q માં દ્રાવ્યતા મોલ અંશ સમાન છે.
(iv) દ્રાવણ - P અને દ્રાવણ - Q માં $H^+_{(aq)}$ ની સાંદ્રતા સમાન છે.
(October-2011)
(A) FTTT (B) FTFT
(C) FFFT (D) FTTF

7. 2 N 500 મિલિના સલ્ફ્યુરિક એસિડમાં સલ્ફરના કેટલા પરમાણુ હાજર હોય ?(પરમાણુભાર H = 1, S = 32, O = 16 ગ્રામ/મોલ) (October-2012)
(A) $1.5057 \times 10^{22}$ (B) $6.022 \times 10^{23}$
(C) $3.0115 \times 10^{23}$ (D) $1.515 \times 10^{23}$

8. નીચેની પ્રક્રિયાઓ દ્વારા સલ્ફર ટ્રાયોક્સાઈડ વાયુ બનાવવામાં આવે છે. (i) $Cu_2S + 2O_2 \rightarrow 2CuO + SO_2$
(ii) $2SO_2 + 2O_2 \rightarrow 2SO_3$
159 ગ્રામ $Cu_2S$ માંથી કેટલા ગ્રામ સલ્ફર ટ્રાયોક્સાઈડ બનશે ?
(પરમાણુભાર : Cu = 63.5, S = 32, O = 16 ગ્રામ/મોલ) (October-2012)
(A) 128 ગ્રામ (B) 160 ગ્રામ
(C) 80 ગ્રામ (D) 64 ગ્રામ

9. 4.4 ગ્રામ $CO_2$ વાયુમાં અણુઓની સંખ્યા કેટલી ?
(C = 12, O = 16 ગ્રામ/મોલ) (October-2012)
(A) $6.022 \times 10^{24}$ (B) $6.022 \times 10^{22}$
(C) $6.022 \times 10^{23}$ (D) $6.022 \times 10^{21}$

10. નીચે પૈકી ક્યો એકમ ઉપજાવેલ છે ? (October-2012)
(A) દળ (B) સમય
(C) ઘનતા (D) તાપમાન

11. નીચે પૈકી તાપમાન સાથે શું બદલાતું નથી ? (October-2012)
(A) ઘનતા (B) મોલાલિટી
(C) મોલારિટી (D) % w / v

12. 293 K બરાબર કેટલા ફેરનહીટ થાય ? (October-2012)
(A) 293° F (B) 68° F
(C) 77° F (D) 273° F

13. 25 મિલિ 0.1 N $H_2SO_4$ ના દ્રાવણથી 20 ml $x$N $Na_2CO_3$ના દ્રાવણનું તટસ્થીકરણ થાય છે, તો $Na_2CO_3$ ના ગ્રામ/લિટર કેટલા ? ($Na_2CO_3$ નો અણુભાર 106 ગ્રામ/મોલ) (October-2012)
(A) 6.625 ગ્રામ (B) 4.24 ગ્રામ
(C) 13.25 ગ્રામ (D) 8.48 ગ્રામ

14. 0.50 ગ્રામ $H_2SO_4$ 0.25 લિટર દ્રાવણમાં ઓગાળેલા હોય, તો આ દ્રાવણની સાંદ્રતા નોર્માલિટી અને મોલારિટીમાં અનુક્રમે કેટલી હશે ?
(H = 1, S = 32, O = 16) (October-2013)
(A) 0.040, 0.020 (B) 0.020, 0.040
(C) 0.2, 0.4 (D) 0.4, 0.2

15. એક કાર્બનિક સંયોજનમાં C, H અને Cl નું પ્રમાણ 10%, 0.84%, 89.2% છે, તો તેનું પ્રમાણસૂચક સુત્ર........ થાય. (October-2013)
(A) $CCl_4$ (B) $CH_2Cl_2$
(C) $CH_3Cl$ (D) $CHCl_3$

16. નીચેની રાસાયણિક પ્રક્રિયામાં 159 ગ્રામ $Cu_2S$ માંથી કેટલા ગ્રામ $SO_3$ બનશે ? (October-2013)
(i) $Cu_2S + 2O_2 \rightarrow 2CuO + SO_2$
(ii) $2SO_2 + 2O_2 \rightarrow 2SO_3$
(પરમાણુ દળ Cu = 63.5, S = 32, O = 16)
(A) 80 ગ્રામ (B) 120 ગ્રામ
(C) 160 ગ્રામ (D) 64 ગ્રામ

Gyanmanjari Career Academy -Sample Copy

17. 2 M $H_2SO_4$ ના દ્રાવણની % w/w અને $H_2SO_4$ ના મોલ અંશ અનુક્રમે : (October-2013)
(A) 16.39, 0.035 (B) 9.80, 0.96
(C) 8.20, 0.036 (D) 19.60, 0.036

18. નીચેના પૈકી તાપમાન સાથે શું બદલાય છે ? (October-2013)
(A) મોલારિટી (B) મોલ-અંશ
(C) % w/w (D) મોલાલિટી

19. $40^o$ સે.નું ફેરનહીટ એકમમાં મૂલ્ય કેટલું છે ? (October-2013)
(A) $183^o$ F (B) $300^o$ F
(C) $113^o$ F (D) $104^o$ F

20. એક કાર્બનિક પદાર્થમાં કાર્બન, હાઈડ્રોજન અને ઓક્સિજનનું ટકાવાર પ્રમાણ અનુક્રમે 40, 6.66 અને 53.34 છે, જો કાર્બનિક પદાર્થનું આણ્વીયદળ 180 ગ્રામ/મોલ હોય, તો ગુણક સંખ્યા ($n$) કેટલી હશે ? (October-2013)
(A) 4 (B) 6 (C) 2 (D) 1

21. નીચેના પૈકી કઈ જોડમાં પરમાણુઓની સંખ્યા સમાન છે ? (C, H, O અને Cl ના પરમાણ્વીય દળ અનુક્રમે 12, 1, 16 અને 35.5 ગ્રામ/મોલ છે.) (October-2014)
(A) 28 ગ્રામ $N_2$ અને 18 ગ્રામ $H_2O$
(B) 28 ગ્રામ CO અને 36.5 ગ્રામ HCl
(C) 44 ગ્રામ $CO_2$ અને – 44 ગ્રામ CO
(D) 14 ગ્રામ $N_2$ અને 28 ગ્રામ $CO_2$

22. $CH_{4(g)} + 2O_{2(g)} \rightarrow CO_{2(g)} + 2H_2O_{(l)}$ પ્રક્રિયા માટે
(1) જો 64 ગ્રામ $O_2$ પ્રક્રિયામાં વપરાય, તો 44 ગ્રામ $CO_2$ બને.
(2) જો 8 ગ્રામ $CH_4$ પ્રક્રિયા કરે, તો 36 ગ્રામ પાણી નીપજ તરીકે મળે છે.
(3) જો 22 ગ્રામ $CO_2$ વાયુ બને, તો મિથેનના $3.011 \times 10^{23}$ અણુઓ વપરાય છે.
(4) જો STP એ 22.4 લિ. $O_2$ વાયુ વપરાય, તો 11.2 લિ. $CO_2$ વાયુ બને.
ઉપરોક્ત વિધાનો પૈકી ક્યા વિધાન સાચા છે ? (October-2014)
(A) 1, 3 (B) 2, 3, 4
(C) 1, 2, 3 (D) 1, 3, 4

23. 0.2 M સલ્ફ્યુરિક એસિડના દ્રાવણની નોર્માલિટી..........થાય. (October-2014)
(A) 0.1 N (B) 0.4 N
(C) 0.6 N (D) 0.2 N

24. કાર્બનના એક પરમાણુનું દળ કેટલું છે ? (October-2014)
(A) $1.99 \times 10^{23}$ (B) 12 ગ્રામ
(C) $\frac{1}{12}$ ગ્રામ (D) $1.99 \times 10^{-23}$ ગ્રામ

25. એક કાર્બનિક પદાર્થમાં C, H અને N નું ટકાવાર પ્રમાણ અનુક્રમે 62.07, 10.34 અને 14.0 હોય, તો તેનું પ્રમાણસૂચક સૂત્ર ક્યું હશે ? (C = 12 ; H = 1 ; O = 16) (October-2015)
(A) $C_2H_5NO$ (B) $C_5H_{10}NO_2$
(C) $C_2H_5NO_2$ (D) $C_6H_{12}NO$

26. નીચેનામાંથી સૌથી ઓછા અણુઓ કોણ ધરાવતું હશે ? (October-2015)
(A) 0.1 મોલ $CO_2$ (B) 22 ગ્રામ $CO_2$
(C) 11200 મિલિ $CO_2$ વાયુ STP
(D) STP એ 22.4 લિ. $CO_2$

27. 4g NaOH માં કુલ પ્રોટોનની સંખ્યા કેટલી છે ? (October-2015)
(A) $6.022 \times 10^{23}$ (B) $12.044 \times 10^{23}$
(C) $12.044 \times 10^{24}$ (D) $6.022 \times 10^{22}$

28. 40 મિલિ 0.2 M $H_2SO_{4(aq)}$ અને 60 મિલિ 0.3 M $H_2SO_{4(aq)}$ ના મિશ્રણની સપ્રમાણતા કેટલી ? (October-2015)
(A) 0.26 N (B) 0.25 N
(C) 0.5 N (D) 0.52 N

29. 1 મોલ $(NH_4)_2Cr_2O_7$ માં કુલ પરમાણુઓની સંખ્યા કેટલી ? (October-2015)
(A) $6.022 \times 10^{23}$ (B) $114.47 \times 10^{23}$
(C) $84 \times 10^{23}$ (D) 19

30. SI પદ્ધતિમાં વપરાતા ક્યા પૂર્વગનો ગુણાંક $10^6$ છે ? (October-2015)
(A) માઈક્રો (B) ટેરા
(C) મેગા (D) ફેમ્ટો

31. નાઈટ્રોજન ઓક્સાઈડમાં 14 ગ્રામ નાઈટ્રોજન સાથે જોડતા ઓક્સિજનનું પ્રમાણ 1 : 2 : 3 હોય, તો તેમાં ક્યા નિયમની સાબિતી મળે ? (October-2015)
(A) સંયોજિત ભારનો નિયમ (B) ગુણક પ્રમાણનો નિયમ
(C) દ્રવ્ય સંચયનો નિયમ (D) નિશ્ચિત સંચયનો નિયમ

32. 1 મોલ $MnO^-_4$ નું $Mn^{2+}$માં રિડ્કશન કરવા કેટલા ઈલેક્ટ્રોન જરૂરી છે ? (October-2015)
(A) $3.011 \times 10^{24}$ (B) $6.022 \times 10^{24}$
(C) $1.2044 \times 10^{24}$ (D) $1.8066 \times 10^{24}$

## Answer - Key

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 1. A | 2. C | 3. A | 4. C | 5. D | 6. B | 7. C |
| 8. C | 9. B | 10.C | 11.B | 12.B | 13.A | 14.A |
| 15. D | 16. A | 17.A | 18.D | 19.D | 20.B | 21.B |
| 22. D | 23. B | 24.D | 25.D | 26.A | 27.B | 28.D |
| 29. B | 30. C | 31.B | 32.A | | | |

## Hints & Solutions

1. Hint (A) :
→ માર્શલ એસિડનું અણુસૂત્ર = $H_2S_2O_8$
પ્રમાણસૂચક સૂત્ર = $H_2S_2O_8 / 2 = HSO_4$
કાલગોનનું અણુસુત્ર = $Na_6P_6O_{18}$
પ્રમાણસૂચક સૂત્ર = $NaPO_3$

3. Hint (A) :
→ $$6CO_2 + 6H_2O \rightarrow C_6H_{12}O_6 + 6O_2$$
↓ ↓
$(6 \times 44)$ gm (180) gm
= 6 મોલ = 1 મોલ

Gyanmanjari Career Academy - Sample Copy

180 gm ગ્લુકોઝ ≡ 6 મોલ $CO_2$

∴ 1.8 gm ગ્લુકોઝ = (?)

⇒ $\frac{1.8 \times 6}{180} = 0.06$ મોલ $CO_2$

$CO_2$ ના અણુની સંખ્યા = $0.06 \times 6.022 \times 10^{23}$

4. Hint (C) :

→ $Al_2(SO_4)_3 \rightleftharpoons 2Al^{3+} + 3SO_4^{2-}$

2M 3M

$Al^{3+}$ $SO_4^{2-}$

2M → 3M

0.28 → (?)

$\frac{0.28 \times 3}{2} = 0.42$ M

5. Hint (D) :

→ 1 લિટર $\frac{N}{5}$ HCl

નોર્માલિટી $= \frac{\text{દળ}}{\text{તુલ્યભાર} \times \text{કદ}(l)}$

$\frac{1}{5} = \frac{\text{દળ}}{36.5 \times 1}$

પ્રારંભમાં HCl નું દળ = $\frac{36.5}{5} = 7.3$ gm

બાકી HCl = (7.3 – 3.65) = 3.65 gm

પરિણામી HCl ની નોર્માલિટી $= \frac{3.65}{36.5 \times 0.25}$

$= \frac{1}{10 \times 0.25} = \frac{1}{2.5} = \frac{N}{2.5}$

7. Hint (C) :

→ સપ્રમાણતા (N) $= \frac{\text{દ્રાવ્યનું વજન}}{\text{તુલ્યભાર} \times \text{કદ(લીટર)}}$

$2 = \frac{W}{49 \times 0.5}$

W = 49 ગ્રામ

દ્રાવ્યના મોલ $= \frac{\text{વજન}}{\text{અણુભાર}}$

$= \frac{49}{98}$ 0.5 મોલ $H_2SO_4$

1 મોલ $H_2SO_4 \rightarrow 6.022 \times 10^{23}$ S પરમાણુ

0.5 મોલ $H_2SO_4 \rightarrow$ (?)

$= 0.5 \times 6.022 \times 10^{23}$

8. Hint (C) :

→ $Cu_2S \rightarrow SO_2 \rightarrow SO_3$

1 મોલ → 1 મોલ

2 (63.5) + 32     32 + 3 (16)

= 159 g     = 80 g

$= 3.011 \times 10^{23}$ સલ્ફરના પરમાણુ

9. Hint (B) :

→ 44 ગ્રામ $CO_2$માં અણુઓની સંખ્યા = $6.022 \times 10^{23}$

4.4 ગ્રામ $CO_2$માં અણુઓની સંખ્યા = (?)

$= \frac{4.4}{44} \times 6.022 \times 10^{23} = 6.022 \times 10^{22}$

10. Hint (C) :

→ ઘનતા $= \frac{\text{દળ}}{\text{કદ}} = \frac{kg}{m^3}$

11. Hint (B) :

→ m એ વજન પર આધારિત છે અને વજન એ તાપમાન બદલાતા બદલાતું નથી.

આથી m તાપમાન બદલાતાં બદલાતી નથી.

12. Hint (B) :

→ $C^o = K - 273 = 293 - 273 = 20^o$ C

હવે, $F^o = \frac{9}{5} (C^o) + 32$

$= \frac{9}{5}\ 20 + 32 = 36 + 32 = 68^o$ F

13. Hint (A) :

→ $H_2SO_4 = Na_2CO_3$

$N_1V_1 = N_2V_2$

$0.1 \times 25 = x \times 20$

$x_2 = \frac{0.1 \times 25}{20}$

∴ $x_2 = 0.125$ N

$Na_2CO_3$

એસિડિક્તા = 2

∴ $Na_2CO_3$નો તુલ્યભાર

$= \frac{106}{2} = 53$

∴ ગ્રામ/લિટર = N × તુલ્યભાર

= 0.125 × 53 = 6.625 ગ્રામ/લિટર

14. Hint (A) :

→ મોલારિટી $= \frac{\text{દ્રાવ્યનું દળ(gm)}}{\text{દ્રાવ્યનો અણુભાર} \times \text{દ્રાવણનું કદ(લીટર)}}$

$= \frac{0.50}{98 \times 0.5} = 0.020$

N = M × 2 = 0.020 × 2 = 0.040

16. Hint (A) :

→ $2Cu_2S + 2O_2 \rightarrow 2Cu_2O + 2SO_2$

$2SO_2 + O_2 \rightarrow 2SO_3$

Gyanmanjari Career Academy - Sample Copy

$2Cu_2S + 3O_2 \rightarrow 2Cu_2O + 2SO_3$
અણુભાર 159 × 2 80 × 2
159 (?)

17. Hint (A) :

→ 2 M $H_2SO_4$ અને મોલ અંશ
1000 gm પાણીમાં 2 મોલ $H_2SO_4$ આવેલ છે.
2 મોલ $H_2SO_4$ = 2 × 98 = 136 gm $H_2SO_4$

$$\%w / w = \frac{100 \times 196}{1196} = 16.387$$

$H_2SO_4$ ના મોલ = 2

$$\text{પાણીના મોલ} = \frac{1000}{18} = 55.55$$

$$H_2SO_4\text{ના મોલઅંશ} = \frac{2}{57.55} = 0.03475 = 0.035$$

19. Hint (D) :

→ $$F^o = \frac{9}{5}(c) + 32$$

$$= \frac{9}{5} \times 40 + 32$$

